
કહાન સં. ૧૩ / વિ. સં. ૨૦૪૯ (૫૯૭) *આત્મધર્મ* (અંક-૧ / વર્ષ-૫૦) વીર સં. ૨૫૧૯ / જુલાઈ, ૧૯૯૩



આત્મા પરમાત્માસ્વરૂપ જ છે. અરે! પરમાત્મા તારી પાસે જ છે. તું જ પરમાત્મા છો એની સામું તો જોતો નથી ને ધૂળમાં ફાંફા મારે છો? સંતોએ મારગ સહેલો કરી દીધો છે. તું છો ત્યાં જા! તું નથી ત્યાંથી ખસી જા! —માર્ગપ્રકાશક અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# 卐 આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું. ૩૫૦.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક–૩ )

* લોકનો સમાગમ કરવો તે અમને દુઃખરૂપ લાગે છે. ધનવાનોનો સમાગમ તેથી પણ વિશેષ દુઃખરૂપ લાગે છે અને ભૂપતિને મળવું તે તો મરણતુલ્ય દુઃખદ લાગે છે. એકલી એકાંતદશા અમને પ્રિય લાગે છે. ઈચ્છારૂપી અગ્નિથી મૂર્ખ જીવો બળી રહ્યાં છે. ઇચ્છા રહિત નિઃસ્પૃહી મહા સુખી છે. દ્યાનતરાયજી કહે છે કે જ્ઞાની નિઃસ્પૃહી નિર્વાંછક થઈને કર્મની સર્વ પ્રવૃત્તિને ટાળે છે. ૩૫૧. ( દ્યાનત વિલાસ, સવૈયા–૨૩ )

* અસંયત સમ્યગ્દષ્ટિ-મનુષ્યોનું પ્રમાણ સાતસો કરોડ માત્ર છે. ૩૫૨. ( શ્રી ધવલા, પુસ્તક–૫, પાનું–૨૭૬ )

* નિર્મમતા ચિંતવવા માટે ક્લેશ થતો નથી, પરની યાચના કરવી પડતી નથી, કોઈની ખુશામત કરવી પડતી નથી, કાંઈ ચિંતા થતી નથી, તેમ જ કાંઈ ધનાદિ ખર્ચવું પડતું નથી. માટે નિર્મમત્વભાવની સતત ચિંતવના કરવી. ૩૫૩.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય–૧૦, ગાથા–૧૭ )

* વધુ કેટલું કહેવું ?–સ્વર્ગથી ચ્યુત થવાની પહેલાં મિથ્યાદષ્ટિ દેવને જે તીવ્ર દુઃખ થાય છે તે નારકીને પણ નથી હોતું. ૩૫૪.

( શ્રી જિનસેન આચાર્ય, મહાપુરાણ )

[illegible]
સ વત-૧૩
વર્ષ-૫૦
અંક-૧
[ ૫૯૭ ]

વીર
સંવત
૨૫૧૯
સં. ૨૦૪૯
JULY
A. D. 1993




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જીવના આઠ ગુણો અને તેના આઠ કર્મનું સ્વરૂપ

[ શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં.-૪૩ )

શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથની આ ૬૧ મી ગાથા છે.

ભગવાન તીર્થંકરદેવે આત્માને શુદ્ધ આનંદકંદ જોયો છે પણ આ આત્માને પોતાનું ભાન નહિ હોવાથી આઠ કર્મો બંધાય છે. જેના નિમિત્તે આત્માના આઠ ગુણોની દશા અવરાયેલી છે, જે સિદ્ધ થઈ ગયા તેના આઠ ગુણોની દશા જે આવરણ રહિત શુદ્ધ થઈ ગઈ છે તેના સ્વરૂપનું વર્ણન કર્યું છે.

આ શરીર તો જડ-માટી-ધૂળ છે, અંદરમાં આઠ કર્મો છે તે પણ જડ છે અને પુણ્ય-પાપ વિકારીભાવ થાય છે તે આસ્રવતત્ત્વ છે, તે કાંઈ આત્મા નથી. આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ સિદ્ધ સમાન શક્તિવાળું તત્ત્વ છે પણ તેના ભાન વિના જીવ આઠ કર્મોને બાંધે છે. હવે જો એ અજ્ઞાનનો નાશ થાય તો આઠ કર્મો પણ ન બંધાય અને પરમાનંદ આદિ આઠ ગુણની પર્યાયો પ્રગટ થાય.

સિદ્ધ ભગવાનને આઠ કર્મોનો અભાવ થઈ ગયો છે તેથી સમ્યક્ત્વાદિ આઠ ગુણો પ્રગટ થઈ ગયા છે. સંસાર અવસ્થામાં આ પર્યાયો કયા કયા કર્મોથી ઢંકાયેલી છે તે બતાવે છે.

(૧) સમ્યક્ત્વ ગુણ મિથ્યાત્વ નામના દર્શનમોહનીય કર્મથી ઢંકાયો છે એટલે કે આત્માના ભાન વિના મિથ્યાત્વભાવ થયેલો તેનાથી દર્શનમોહનીય કર્મ બંધાયું

અને કર્મના ઉદયમાં જોડાણના કારણે જીવની સમ્યગ્દર્શનની પર્યાય ઢંકાઈ ગયેલી છે. શક્તિરૂપે ગુણ તો દરેક વખતે રહેલો છે. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ શક્તિમાં પડી છે તો વ્યક્ત થાય છે, શક્તિમાં જ ન હોય તો તો પ્રગટે કયાંથી? તેમ આત્મામાં સમ્યક્ત્વાદિ ગુણોની શક્તિ તો ત્રિકાળ પડી છે પણ તેનું ભાન નહિ હોવાથી—અજ્ઞાનના કારણે તે પ્રગટ થતી નથી અને દર્શનમોહાદિ કર્મ ઉપજે છે અને તેની પ્રીતિના કારણે સમ્યગ્દર્શનની પર્યાય આચ્છાદિત થઈ ગઈ છે.

(૨) ભગવાન આત્મામાં કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થવાની લાયકાત છે. અંતરમાં અનંતજ્ઞાનની શક્તિ પડી છે પણ તેના ભાન વિના જે કેવળજ્ઞાનાવરણીકર્મ બંધાય છે તેનાથી કેવળજ્ઞાન વર્તમાનમાં ઢંકાયેલું છે અર્થાત્ કેવળજ્ઞાનની શક્તિ હોવા છતાં વર્તમાનમાં તેની પ્રગટતા નથી.

જીવાદિ નવતત્ત્વના નામ પણ આવડતા ન હોય તે નવતત્ત્વનાં ભાવ સમજે કયાંથી? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ નવ તત્ત્વ છે. શરીર, વાણી અને કર્મ તો અજીવ તત્ત્વ છે, પુણ્ય-પાપ આસ્રવ અને બંધ એ પણ આત્માથી જુદાં તત્ત્વ છે. આત્મા તો ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયકતત્ત્વ છે. પણ અજ્ઞાનીને 'હું સિદ્ધ સમાન જ્ઞાયકતત્ત્વ છું' એવું ભાન નથી તેથી પૂર્વે જે કેવળજ્ઞાનાવરણીકર્મ ઉપાર્જેલું, તેના નિમિત્તે વર્તમાનમાં કેવળજ્ઞાન ઢંકાયેલું છે, પર્યાયમાં પ્રગટ નથી.

આત્મા શું છે, કર્મ શું છે, વિકાર શું છે આ બધાં તત્ત્વોના ભાન વિના જીવને ધર્મ કદી થવાનો નથી. જેમ શાકવાળાની દુકાને જઈને ઊભો રહે પણ શાક કયું લેવું, કેટલું લેવું તેનું ભાન નથી તે શાક શી રીતે લઈને આવશે! તેમ જેને સુખ તો જોઈએ છે પણ સુખ કયાં છે, દુઃખ કેમ છે, વિકાર કેમ ટળે તેનું ભાન નથી તેને સુખ કેવી રીતે થાય?

"શરીર, વાણી, મનમાં સુખ નથી ભાઈ! એ તો જડતત્ત્વ છે. સ્ત્રી, પુત્ર પરિવારમાં સુખ નથી ભાઈ! એ તો પરદ્રવ્ય છે. આ પુણ્ય-પાપ ભાવ થાય છે તેમાં પણ સુખ નથી એ તો આસ્રવતત્ત્વ છે. હિંસા, જૂઠ, ચોરીના ભાવ થાય એ પાપતત્ત્વ છે. તેમાં સુખ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ પુણ્યતત્ત્વ છે તેમાં પણ સુખ નથી કેમ કે એ તો રાગ છે, રાગમાં સુખ માને—પરમાં સુખ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે—મૂઢ છે."

તીર્થંકર પરમાત્મા કહે છે બાપુ! તને હજુ તત્ત્વની જ ખબર નથી. સુખતત્ત્વ

ક્યાં છે, ક્યાંથી મળે એની ખબર નથી એટલે જ્યાં સુખ નથી ત્યાં સુખ શોધે છે. સુખતત્ત્વ તો આત્મામાં પડ્યું છે તેમાં શોધતો નથી અને શરીર, સ્ત્રી, ધનાદિમાંથી સુખ લેવા જાય છો ભાઈ! તું મૂઢ છો. તને વીતરાગની આજ્ઞાની શ્રદ્ધા નથી. વીતરાગદેવ જગતના જીવને કહે છે તેં કોઈ તત્ત્વનું સ્વરૂપ સાંભળ્યું નથી, સમજ્યો નથી તો હવે તો સમજ!

આત્મા અરૂપી પણ એક વસ્તુ છે તો તેમાં "ગુણો" હોય કે નહિ? આત્મામાં "જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, પ્રભુત્વ આદિ અનંતગુણો છે." છતાં પોતામાં સુખ નહિ માનતાં, શરીર, પૈસા, વૈભવ આદિમાં સુખ માને છે તે મૂઢ મિથ્યાદષ્ટિ છે.

પ્રશ્ન:— પૈસા છે તો અહીં રહેવાય છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:— ના...ના... એ માન્યતા ખોટી છે. પૈસા તો પહેલાં પણ હતાં પરંતુ નિવૃત્તિના ભાવ ન હતાં તો અહીં રહેતાં ન હતાં.

અહીં તો ત્રિલોકીનાથ તીર્થંકરદેવ કહે છે કે ભાઈ! આનંદતત્ત્વ તો તારામાં છે. તેને બદલે તે પુણ્ય-પાપ ભાવમાં આનંદ માન્યો, તેના ફળમાં મળતાં ધૂળના ઢગલામાં સુખ માન્યું તેનાથી દર્શન-મોહનીય કર્મ બંધાયું અને તેના ઉદયકાળે વળી તને મિથ્યાત્વભાવ થયો. "આમ તારું સમકિત દર્શનમોહથી અવરાઈ ગયેલું છે." તારા ઉપજાવેલા કર્મથી તારું સમકિત ઢંકાયું છે, કોઈ અન્યથી નહિ. અરે! જૈનમાં જન્મેલાંને પણ વીતરાગે કહેલાં તત્ત્વની ખબર નથી.

હું આનંદ છું, શુદ્ધ છું, પુણ્ય-પાપ રાગથી રહિત છું, શરીર, કર્મ વિનાનું તત્ત્વ છું એવું ભાન થવું તેનું નામ સમ્યગ્દર્શન છે. એવું ભાન ન કરવું અને પોતાને શરીર, કર્મ અને રાગવાળો માનવો તે મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ તે સમ્યક્ત્વનું ઢાંકણું છે. પોતે જ સમ્યક્ત્વને ઢાંકી દીધું છે.

"હું કેવળજ્ઞાન એટલે કેવલ ચૈતન્યપ્રકાશનો સૂર્ય છું". એવા સૂર્યનું ભાન નહિ કરવાથી તને કેવળજ્ઞાન પ્રગટ ન થયું તેનાથી કેવળજ્ઞાનાવરણીકર્મ ઉત્પન્ન થયું તેના ઉદયકાળે અજ્ઞાન ભાવથી તારા કેવળજ્ઞાનનો પર્યાય ઢંકાઈ જાય છે—કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થતી નથી. આમ પોતાનું જ્ઞાન પોતાથી ઢંકાયું છે.

(૩) "કેવળદર્શનાવરણીકર્મથી કેવળદર્શન ઢંકાયું છે." કેવળદર્શન એ જીવનું સ્વતંત્ર છે. તેમાં કેવળદર્શન પ્રગટ થવાની તાકાત ભરી પડી છે પણ એમ નહિ માનતાં મારું દર્શન, જ્ઞાન કોઈ પરથી પ્રગટ થશે એમ માનીને મિથ્યાત્વભાવમાં જે દર્શના-વરણીકર્મ બાંધ્યું છે તેના પાક કાળે ફરી એ જ ભાવ ઊભો થાય છે કે મારું જ્ઞાન-

દર્શન પરથી થાય છે મારામાં નથી તેથી પોતાનું કેવળદર્શન ઢંકાઈ જાય છે.

(૪) વીર્યાન્તરાયકર્મથી અનંતવીર્ય ઢંકાયું છે. ભગવાન આત્મા તો અંનતવીર્યનો ધણી છે. અનંતબળ ભર્યું છે. અનંતજ્ઞાનદર્શનને રચે એવું તેનામાં વીર્ય છે એવા વીર્યવાળો પોતાને ન માનતાં, અલ્પવીર્યવાળો, રાગવાળો, દ્વેષવાળો, પરથી સુખ લેનારો માનીને પોતે વીર્યાન્તરાયકર્મ ઉત્પન્ન કરે છે તેથી તે કર્મના ઉદયકાળે પોતાનું વીર્ય ઢંકાઈ જાય છે.

મૂળ નવતત્ત્વની જ ખબર નથી. અજીવ અને આસ્રવ તત્ત્વથી ભિન્ન હું, જ્ઞાયકતત્વ છું એવી એને ખબર જ નથી. પૈસાથી અને પુણ્યથી પોતાની મોટાઈ માને છે પણ ભાઈ! એમાં ધૂળેય સુખ નથી. એમાં તો હોળી છે. પુણ્યના પરમાણુ બળી ગયા ત્યારે બહારમાં પૈસા દેખાણાં તેમાં આત્માને શું લાભ? તેને તો રળવાના ભાવથી પાપ બંધાયું. રળવાના ભાવથી કાંઈ પૈસા મળ્યા નથી. પુણ્યના પરમાણુ બળીને પૈસા દેખાણા છે.

પ્રશ્ન :—તો એ પૈસા કોના?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ પૈસા પૈસાના છે—જડના છે, અજીવતત્ત્વ છે. અજીવનો જીવમાં અભાવ છે અને જીવનો અજીવમાં અભાવ છે. કરોડ રૂપિયા હો અબજ હો તે કોઈ જીવના નથી માટે તેનાથી જીવને સુખ ન હોઈ શકે. બંને તત્ત્વ તદ્દન ભિન્ન છે. જીવ અને અજીવતત્ત્વ એક થઈ જાય તો જીવ જ ક્યાંથી રહે!

અહીં તો પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ જીવતત્ત્વમાં નથી એમ કહેવું છે. પુણ્ય-પાપ તો આસ્રવ તત્ત્વ છે. આસ્રવમાં જીવ નથી અને જીવમાં આસ્રવ નથી. જો બંને એક હોય તો તો બીજા તત્ત્વનો જ નાશ થઈ જાય. અજ્ઞાનીને આ તત્ત્વની કાંઈ ખબર નથી. આંધળો થઈને ગાંડાની પેઠે એમને એમ અજ્ઞાનમાં દોડ્યો જાય છે.

અહીં ભગવાન કહે છે કે તેં વીર્યાન્તરાય કર્મ બાંધ્યું છે તે કઈ રીતે?—કે હું અનંતવીર્યનો ધણી છું એનું ભાન ન કર્યું, અભાન કર્યું—ઊંધી માન્યતા કરી કે હું શરીર અને રાગવાળો છું તેથી પોતાનું વીર્ય રોકાયું અને વીર્યાન્તરાય કર્મ બંધાયા તેના પાક કાળે ફરી પોતાનું વીર્ય હણાય ગયું અને હું અનંતવીર્યનો ધણી છું એવી દૃષ્ટિ ન કરી તેથી તેની વીર્યશક્તિ રોકાઈ ગઈ છે.

(૫) આયુકર્મથી સૂક્ષ્મત્વગુણ ઢંકાયો છે. આયુકર્મના કારણે દેહમાં કેટલો કાળ રહેવું તે નક્કી છે. તે કાળ કરતાં એક સમય પણ આગળ-પાછળ થતો નથી. પોતાના આત્માનું ભાન નથી તેથી એક દેહ છોડીને બીજે અને બીજે છોડીને ત્રીજે એમ રખડયા

કરે છે. આયુકર્મના ઉદયથી જ્યારે જીવ પરભવમાં જાય છે ત્યારે ત્યાં ઇન્દ્રિયો અને ઇન્દ્રિયજ્ઞાન મળે છે, અતીન્દ્રિયજ્ઞાનનો તો અભાવ છે, તેથી કેટલીક સ્થૂળ વસ્તુઓને જાણે છે, સૂક્ષ્મને જાણી શકતો નથી. આમ, આયુકર્મના કારણે ભવ મળે છે, ભવમાં ઇન્દ્રિયો મળે, તે ઇન્દ્રિયો વડે જ્ઞાન કામ કરે તે જ્ઞાન સ્થૂળને જાણે છે સૂક્ષ્મ પદાર્થને જાણી શકતું નથી. આમ, આયુકર્મ વડે જીવનો સૂક્ષ્મત્વગુણ ઢંકાય છે. ભગવાન અતીન્દ્રિય આનંદકંદ સૂક્ષ્મ પદાર્થ છે તે અતીન્દ્રિયજ્ઞાન વગર જાણી શકતો નથી. આમ પોતે જ ભૂલ કરીને પોતેના ગુણને પોતે રોક્યો છે.

(૬) શરીરનામકર્મના કારણે અવગાહનગુણ ઢંકાય છે. શરીરના પ્રમાણમાં જ આત્મા રહી ગયો છે.

(૭) સિદ્ધ–અવસ્થાને યોગ્ય વિશેષરૂપ અગુરુલઘુગુણ નામકર્મના ઉદયથી અથવા ગોત્રકર્મના ઉદયથી ઢંકાઈ ગયો છે કેમ કે, ગોત્રકર્મના ઉદયથી જ્યારે નીચ ગોત્ર પામ્યો ત્યારે તુચ્છ અથવા લઘુ કહેવાયો અને ઉચ્ચ ગોત્રમાં મોટો અથવા ગુરુ કહેવાયો. ક્ષત્રિયમાં જન્મે તો કહે હું તો ઉચ્ચગોત્રનો છું અને ક્ષુદ્રમાં જન્મે તો કહે અરે! અમે તો નાના માણસ છીએ. ભાઈ! આત્માને ક્યાં ઊંચું કે નીચું ગોત્ર છે! આત્મા તો જ્ઞાનાનંદ સૂર્ય છે. જેમ આ પથ્થરનો સૂર્ય છે તેમ આત્મા ચૈતન્યનો સૂર્ય છે, પણ તેનું જ્ઞાન નથી તેથી ઊંચુ અને નીચું કર્મ બંધાય છે. તેના ઉદયમાં પોતાને ઉચ્ચ–નીચ માને છે તે ઊંધી માન્યતા છે. વસ્તુ ઉચ્ચ કે નીચ થઈ જતી નથી.

(૮) વેદનીયકર્મથી અવ્યાબાધ ગુણ ઢંકાય છે. વેદનીયકર્મના ઉદયમાં શાતા-અશાતારૂપ સાંસારિક સુખ-દુ:ખને જીવ ભોગવે છે. શાતાવેદનીયકર્મના ઉદયમાં એને સુંદર શરીર મળે, ધન મળે, રૂપાળી સ્ત્રી મળે તેમાં રાગ કરીને એ સુખને ભોગવે છે. સુખ એટલે દુ:ખ કેમ કે, એ તો મૂઢે સુખ માન્યું છે તેમાં ખરેખર સુખ ક્યાં છે! રાગ કરીને સુખ માને છે પણ એ દુ:ખ જ છે. અશાતાના ઉદયમાં શરીરમાં રોગાદિ થાય છે, નિર્ધનતા થાય છે, અનેક પ્રકારના પ્રતિકૂળ યોગ બને છે તેમાં દુ:ખ માનીને અજ્ઞાની દુ:ખી થાય છે. રોગ તો શરીરમાં થાય છે પણ મને રોગ થયો એવી કલ્પનાજાળ ઊભી કરીને એ દુ:ખી થાય છે. અજ્ઞાનીને તત્ત્વનું ભાન નથી તેથી દુ:ખી થાય છે.

મુમુક્ષુ :—તે દુ:ખ દૂર કરવાનો ઉપાય તો બતાવો!

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ જ ઉપાય છે. 'ભાન કરો', તત્ત્વનું સ્વરૂપ સમજો, 'હું આત્મા જ્ઞાનનંદ સ્વરૂપ છું', આ સુખની કલ્પના કે દુ:ખની કલ્પના એ મારું સ્વરૂપ

નથી, અને શાતાથી મળેલા ધૂળના ઢગલા કે અશાતાથી મળેલી પ્રતિકૂળતા એ મારું સ્વરૂપ નથી.

અરે! પણ આ વાત જેને સાંભળવા પણ મળે નહિ તે સમજે કયાંથી? ઊંધા રસ્તા ને ઊંધી માન્યતામાં ચાલ્યા જાય...એકાદ કરોડ દાનમાં આપે ત્યાં લોકો તેને ધર્મધુરંધરનું બિરૂદ આપી દે. અરે! પણ એમાં એણે શું કર્યું? પૈસા કયાં એના હતા? એમાં કાંઈક રાગની મંદતા હોય તો પુણ્ય થાય પણ સાથે માનભાવ હોય કે, અમે આટલા પૈસા દાનમાં આપ્યા,—તેનાથી પોતાની અધિકતા માને એ તો મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વનું પોષણ કરે છે. પાપનું પોષણ કરે છે અને માને છે કે મેં કાંઈક ઠીક કર્યું છે.

અહીં કહે છે કે શાતાના ઉદયમાં—અનુકૂળતામાં હું સુખી છું અને અશાતાના ઉદયમાં—પ્રતિકૂળતામાં હું દુઃખી છું એમ માને છે તે મૂઢની માન્યતા છે—પાગલ થઈ ગયો છે. વીતરાગ ભગવાન તો કહે છે મિથ્યાદૃષ્ટિ ગાંડો—પાગલ છે.

બાપુ! નવેય તત્ત્વ જુદાં જુદાં છે. આ શરીર, ધનાદિ તો અજીવતત્ત્વ છે અને તું તો ચૈતન્યતત્ત્વ છો અને અનુકૂળતામાં સુખની કલ્પના થાય છે એ તો આસ્રવ તત્ત્વ છે, દુઃખ થાય છે એ પણ આસ્રવની કલ્પના છે. આસ્રવ એટલે વિકાર. તેનાથી નવા કર્મ બંધાય છે. એનું એને ભાન નથી એટલે ખુશી ખુશી થઈને ફરે છે.

આ પ્રમાણે આઠ ગુણ આઠ કર્મોથી ઢંકાય છે માટે આ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. જ્યારે કર્મોનું આવરણ મટી જાય છે ત્યારે સિદ્ધપદમાં આઠગુણ પ્રગટ થાય છે. આત્મા ચિદાનંદ સૂર્ય છે. આ પુણ્ય-પાપ તે દુઃખરૂપ છે, અજીવમાં સુખ-દુઃખ નથી એ તો જ્ઞેય છે. મારું સ્વરૂપ તો શુદ્ધ આનંદકંદ છે એવો અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શનથી માંડીને ક્રમે આઠેય ગુણ પ્રગટ થાય છે.

આ સંક્ષેપમાં આઠ ગુણનું કથન થયું. વિશેષતાથી અમૂર્તત્વ, નિર્નામગોત્રાદિક અનંતગુણ છે તે યથાસંભવ શાસ્ત્રપ્રમાણથી જાણવા. આ અમૂર્ત અને નિર્નામગોત્ર ગુણ પણ કોઈએ સાંભળ્યા નહિ હોય. ગોત્ર અનુસાર નામ પડે છે તે આત્માનું નામ નથી, આત્મા તો નિર્નામ છે.

આત્મા તો અજીવ એવા દેહદેવળમાં તેનાથી ભિન્ન રહેલું અમૂર્ત તત્ત્વ છે, ગોત્રથી રહિત છે, જેવા સચ્ચિદાનંદ સિદ્ધ છે એવો જ આ આત્માનો સ્વભાવ છે પણ તેના ભાન વિના એણે વિકાર અને સુખ-દુઃખની કલ્પના ઊભી કરી છે.

આ આત્મામાં અનંતા સાધારણ ગુણ છે અને અનંતા અસાધારણગુણ છે.

અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ આદિ ગુણો છએ દ્રવ્યમાં છે માટે તેને સાધારણગુણ કહેવાય છે. એવા આત્મામાં અનંતા ગુણ છે. ભગવાને જગતમાં છ દ્રવ્ય જોયા છે. પરમાણુ પણ પુદ્ગલ દ્રવ્ય છે તેમાં પણ આવા અનંતા ગુણો છે. જ્ઞાન, દર્શન, આનંદ, સુખ આદિ અનંત ગુણો એવા છે કે જે આત્મામાં જ છે બીજાં દ્રવ્યોમાં નથી માટે તેને આત્માના અસાધારણગુણો કહેવાય. ભગવાન કહે છે કે તારામાં આવા અનંતગુણ છે તેની સમીપ તું જા!

વનસ્પતિના પણ સાધારણ અને અસાધારણ અથવા પ્રત્યેક એવા બે ભેદ છે તેમાં સાધારણ વનસ્પતિ એટલે જેમાં એક શરીરમાં અનંત જીવ હોય તેને સાધારણ વનસ્પતિ કહેવાય છે. બટાટા, શકરકંદ, ડુંગળી, લસણ વગેરે સાધારણ વનસ્પતિ છે તેની એક કટકીમાં અસંખ્ય તો શરીર હોય છે અને એક એક શરીરમાં અનંત જીવ હોય છે. એ અનંત એટલે કેટલાં?–કે, અત્યાર સુધીમાં અનંતા જીવો સિદ્ધ થયા છે તેનાથી અનંતગુણા જીવો એક એક શરીરની અંદર રહેલાં છે. તે અનંત જીવો માટે શરીર એક છે માટે તે સાધારણ વનસ્પતિ છે અને એક જીવને એક શરીર હોય તેવી વનસ્પતિને પ્રત્યકે વનસ્પતિ કહે છે.

એ રીતે દરેક આત્મામાં હોવાપણું, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ આદિ ગુણો એવા છે કે જે બીજા દ્રવ્યોમાં પણ છે માટે તે સાધારણગુણો છે, તેવા ગુણો દરેક દ્રવ્યમાં અનંતા છે અને જીવમાં જ્ઞાન, દર્શન, સુખાદિ; પુદ્ગલમાં સ્પર્શ, રસાદિ એમ દરેક દ્રવ્યમાં અનંત અનંતગુણો એવા છે કે જે બીજા દ્રવ્યોમાં ન હોય. તેને અસાધારણગુણ કહેવાય છે. દરેક આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ અસાધારણગુણ પણ અનંતા છે એટલાં તો કોઈ પાસે પૈસા પણ ન હોય.

અહીં તો વીતરાગ કહે છે કે પ્રથમ ઓળખાણ કર! માંગલિકમાં રોજ બોલી જાય કે, ' કેવલીપણ્ણત્તો ધમ્મો શરણં પવ્વજ્જામિ ' તેથી શું? કેવળી શું કહે છે તેની ખબર વગર ધર્મ ક્યાંથી થાય?

સાધારણ–અસાધારણગુણોની વાત અહીં નવી જ છે. આ ગાથાનું તાત્પર્ય એ છે કે સમ્યક્ત્વાદિ નિજ શુદ્ધ ગુણસ્વરૂપ જે શુદ્ધાત્મા છે તે જ ઉપાદેય છે. અનંત ગુણ સ્વરૂપ આત્મા જ સમ્યગ્દર્શનમાં આદરવાલાયક છે. ભગવાને આત્માને ચૈતન્યનો રત્નાકર કહ્યો છે. એ ચૈતન્યરત્નાકર એટલે ચૈતન્યના રત્નથી ભરેલો દરિયો છે તે પુણ્ય–પાપના વિકલ્પોથી રહિત છે, કર્મથી અને શરીરથી રહિત છે પણ પોતાના અનંતગુણોથી સહિત છે તે એકની જ દૃષ્ટિ કરીને આદરવાલાયક છે, બીજો કોઈ

આદરવાલાયક નથી. ધર્મી જીવને પૂર્ણાનંદથી ભરેલો શુદ્ધ ચિદાનંદપ્રભુ જ શ્રદ્ધવા અને આદરવાલાયક છે. પુણ્ય-પાપ અને શરીર, વાણી આદિ કોઈ ચીજ આદરવાલાયક નથી.

જેને પરદ્રવ્ય ઠીક હોય તો મને ઠીક અને પરદ્રવ્ય પ્રતિકૂળ હોય તો મને અઠીક એવી માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પરની અનુકૂળતાથી જીવને સુખ થાય અને પર અનુકૂળ નહિ રહેવાથી જીવને દુઃખ થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. એવી વીતરાગની આજ્ઞા નથી માટે એવું માનનારા જીવો વીતરાગની આજ્ઞાથી બહાર છે. પરદ્રવ્ય તો માત્ર જ્ઞેય છે, તે જ્ઞાનમાં જણાય પણ સુખદાયક કે દુઃખદાયક ન થાય.

આ ૬૧ ગાથા થઈ. હવે ૬૨મી ગાથામાં મુનિરાજ કહે છે કે, વિષય-કષાયોમાં લીન જીવોને જે કર્મપરમાણુઓનો સમૂહ બંધાય છે તે કર્મ છે.

આત્મા અસંખ્યપ્રદેશી વસ્તુ છે તેમાં જે પરમાણુના સ્કંધો ચોંટે છે તેને જિનેન્દ્રદેવ કર્મ કહે છે ' વિહૂય રયમલા... ' એવો શબ્દ લોગસ્સમાં આવે છે તેનો અર્થ આ છે કે જેણે રજ એટલે કર્મ અને મલ એટલે વિકારી ભાવ તેને વિહૂય એટલે ટાળ્યા છે તે સિદ્ધ છે. તે રજકણ કેવા છે અને કેમ બંધાયા તે આ ગાથામાં કહે છે.

જીવ પોતાના શુદ્ધસ્વરૂપને જોવાનું ભૂલી, પરને જોઈને રાગ દ્વેષરૂપ મિથ્યાત્વ કષાયને કરે છે તેનાથી જે કર્મોના પરમાણુ જીવને ચોંટે છે તેને જિનેન્દ્રદેવ ' કર્મ ' કહે છે.

આમાં ત્રણ વાત આવી. એક તો પોતાનો વિષય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજ આત્મા છે તેને જાણવાનું અને શ્રદ્ધવાનું છોડી દીધું. બીજું પરચીજને જાણવામાં રોકાઈને રાગ-દ્વેષભાવ કરે છે તે વિકાર છે-મેલ છે, જીવની વિકારીદશા છે તે આસ્રવ છે અને ત્રીજી વાત એ કે તેનાથી નવા જડકર્મો બંધાય છે તેને ભગવાન કર્મ કહે છે.

શુદ્ધ ચિદાનંદમૂર્તિ જ્ઞાનસૂર્ય પ્રભુની અનુભૂતિ તો પુણ્ય-પાપના વિકારથી રહિત હોય. ચૈતન્યમૂર્તિ તે દ્રવ્ય છે અને તેની વીતરાગી અનુભૂતિ તે પર્યાય છે. શુદ્ધ સચ્ચિદાનંદ ધ્રુવ તત્ત્વ તે દ્રવ્ય છે અને તેની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતાની નિર્મળ અનુભૂતિ તે આત્માના ધર્મરૂપ સંવર-નિર્જરાની નિર્મળપર્યાય છે. અને આ જે વિષય-કષાયો છે તે નિર્મળ અનુભૂતિથી વિપરીત છે, પરને વિષય કરીને ઠીક માન્યું, પ્રેમ માન્યો તે મિથ્યાત્વ ભાવ છે.

ભગવાન આત્મા જીવતત્ત્વ છે તેના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે સંવર અને નિર્જરારૂપ ધર્મો છે, તેનાથી વિપરીત એવા જે મિથ્યાત્વ સહિતના શુભ અને અશુભરાગ કે જે પરને લક્ષે થાય છે તેમાં રંગાયેલા જીવને જે નવા રજકણ બંધાય છે તેને જડકર્મ કહેવાય છે.

શુદ્ધ ચિદાનંદ વસ્તુ તે જીવતત્ત્વ છે, તેનું નિર્મળ વેદન પર્યાયમાં થાય છે તે સંવર અને નિર્જરા તત્ત્વ છે અને એ અનુભૂતિથી વિપરીત પરમાં ઠીક અને અઠીક માનવારૂપ મિથ્યાત્વ સહિતના ભાવ તે પુણ્ય અને પાપ તત્ત્વ છે અને તેનાથી જીવ સાથે જે કર્મો બંધાય છે તે અજીવતત્ત્વ છે.

આ સાંભળવામાં પણ એકાગ્રતા હોય તો જ સમજાય તેવી વાત છે. આ કોઈ વાર્તા–કથા નથી કે સહેજે સમજાય જાય.

મિથ્યાત્વમાં રંગાયેલા જીવને 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું' એવું ભાન નથી અને વિષય-કષાયનો રંગ છે તેથી રાગ-દ્વેષ-મોહવશ આઠ પ્રકારની કર્મવર્ગણા બંધાય છે તે કર્મ છે.

આ તો પરમાત્મ પ્રકાશ છે ને! દ્રવ્યનું મૂળ સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ છે. પણ એણે પોતાની વાત કદી સાંભળી નથી. અનંતકાળે બટાટા, સકરકંદ આદિ નિગોદમાંથી માંડ માંડ નીકળી આવો મનુષ્યભવ મળ્યો, તેમાં પાંચ–પચાશ વર્ષનું આયુષ્ય, તેમાં આ વીતરાગે કહેલું તત્ત્વ સાંભળવા મળવું પણ મુશ્કેલ છે તો એ એ ક્યારે સાંભળે, ક્યારે વિચારે અને ક્યારે સમજે! બાપુ? એના ભવના અંત ક્યારે આવે?

ભાઈ! પરમેશ્વરદેવ તો કહે છે, પ્રભુ! તું તો અનંતગુણનો નાથ ચૈતન્યદેવ છો. તેના શ્રદ્ધા-જ્ઞાન કરને ભાઈ! શુદ્ધ ચૈતન્યદેવની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવો તે જ ધર્મ છે, બાકી કોઈ ક્રિયાકાંડના વિકલ્પો કરવા તે ધર્મ નથી. આવા ધર્મના ભાન વિના પરને વિષય બનાવીને એટલે પરનું લક્ષ કરીને તેમાં હું ઠીક કરું છું એવા પુણ્ય-પાપભાવમાં લીનતા વડે જીવ નવા કર્મ બાંધે છે અને તેથી ચાર ગતિમાં રખડે છે. [ક્રમશઃ]

શુદ્ધિ :—

એપ્રિલ, ૧૯૯૩નાં જન્મજયંતી–વિશેષાંકના પાના નં. ૧૬ ઉપર ચોથી લાઈનમાં "ગૌણ કરી નથી" ને બદલે "ગૌણ કરીને નથી" તેમ સુધારીને વાંચવું.

# નય-નિક્ષેપ-પ્રમાણના સાધક-બાધકપણાનું સ્વરૂપ

( શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

( સળંગ પ્રવચન નં. ૨૦ )

શ્રી જીવદ્વારનો આ નવમો કળશ છે.

તીર્થંકર સર્વજ્ઞ પરમદેવ એમ કહે છે કે, આત્માનું સ્વરૂપ પહેલાં નય, નિક્ષેપ, પ્રમાણથી જાણી લે પણ અનુભવકાળમાં તો એ નયાદિ કોઈ વિકલ્પો નથી. આત્મા પોતાની સાધનાએ ચડે ત્યારે શું શું હોય તેની અહીં વાત ચાલે છે.

અનાદિનો જે પુણ્ય-પાપ અને રાગ-દ્વેષનો અનુભવ છે તે મિથ્યાત્વ છે. ત્રિકાળ અભેદ શુદ્ધ ચૈતન્યવસ્તુનું જ્ઞાન કરે તે જ્ઞાનને નિશ્ચયનય કહેવાય છે અને જે વર્તમાન અવસ્થાને લક્ષમાં લે તે જ્ઞાનને વ્યવહારનય કહે છે. તે બંને વિકલ્પની વાત છે. અનુભવમાં તો એ બંને નયનો લેશ પણ પ્રવેશ નથી. ભગવાન આત્મા તો નિર્વિકલ્પ વીતરાગ-મૂર્તિ છે. ચોથા ગુણસ્થાનમાં હો, પાંચમામાં હો કે સાતમામાં હો પણ તે અનુભવકાળે વિકલ્પનો અભાવ હોય છે.

પ્રથમ, સમ્યગ્દર્શન શુદ્ધોપયોગના કાળમાં જ થાય છે. પુણ્ય-પાપના વિકલ્પના કાળમાં અનુભવ થતો નથી. અખંડ અભેદ વસ્તુ તે નિશ્ચય અને એક સમયની પર્યાય તે વ્યવહાર એ બંનેને વિષય કરનાર પ્રમાણજ્ઞાનની પણ અનુભવમાં પહોંચ નથી.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચારેય નિક્ષેપનો અનુભવમાં નાશ થઈ જાય છે. **जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं**, અનુભવ પહેલાં જે પ્રમાણ, નય અને નિક્ષેપ વસ્તુને સિદ્ધ કરવાના સાધન હતાં તે જ અનુભવમાં બાધક થાય છે તો પછી અન્ય રાગ-દ્વેષની કથાનું તો શું કહેવું! દયા પાળું ને સત્ય બોલું આદિ વિકલ્પ તો અનુભવમાં હોય જ નહિ.

આ વાત બહુ ઊંચી લાગે છે પણ ઊંચી નથી. વસ્તુના અનુભવકાળની સ્થિતિની વાત છે. અનુભવકાળમાં ધર્મીને આનંદનો સ્વાદ હોય છે. ભલે ચોથા ગુણસ્થાને હોય કે પાંચમા ગુણસ્થાને હોય કે સપ્તમ ગુણસ્થાનવર્તી મુનિ હોય પણ તે અંતર અતીન્દ્રિય આનંદના સ્વાદ વડે સ્વરૂપમાં મહાલતાં હોય છે.

પરમાત્માના પેટમાં અનંતી શક્તિઓ પડી છે. તે પરમાત્મા કયા ?—અરિહંત અને સિદ્ધ ?—ના...ના...પુણ્ય-પાપને મારા માને છે તે તો બહિરાત્મા છે, શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે અંતરાત્મા છે. એ અંતરાત્મા પોતાના પૂર્ણસ્વરૂપને અનુભવે ત્યારે તેને પરમાત્મા કહેવાય છે.

ભગવાને મારું આત્માનું સ્વરૂપ આવું કહ્યું છે એવો ભાવ પહેલાં હોય છે તેને વ્યવહારે સાધક કહ્યો છે પણ તે જ ભાવ અનુભવમાં બાધક છે અને રાગ-દ્વેષ તો બાધક છે જ.

ભાવાર્થ:—નય તો વસ્તુના ગુણને સિદ્ધ કરે છે અર્થાત્ ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે અને વર્તમાન અવસ્થા તે વ્યવહાર છે એમ બંને અંશોને નય સિદ્ધ કરે છે. વસ્તુના એક એક અંશ અર્થાત્ ધર્મને નય સાબિત કરે છે અને અનુભવ એ સિદ્ધ થયેલી વસ્તુનો હોય છે. તેમાં સિદ્ધ કરવાનું કાંઈ રહેતું નથી.

આત્માને રાગ અથવા વિકલ્પ સહિત માનવો એ તો મિથ્યાત્વ છે, એ જ ચારગતિમાં રખડવાનું બીજ છે. પુરુષાર્થ સિદ્ધિઉપાયમાં ગાથા ૧૪માં કહ્યું ને ! આત્મા રાગ, કર્મ અને શરીરથી સહિત નથી છતાં સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું બીજડું છે.

ભગવાન આત્મા તો જિનસ્વરૂપ છે, વીતરાગમૂર્તિ છે. આત્મામાં અને જિનસ્વરૂપમાં પરમાર્થે ભેદ નથી. એવા અનુભવ સુધી પહોંચનારમાં કેટલી યોગ્યતા અને પાત્રતા હોય ! આ અનુભવ વિના સમ્યગ્દર્શન હોય નહિ અને સમ્યગ્દર્શન વિના ધર્મ ન હોય.

વસ્તુએ આત્મા ત્રિકાળી આનંદકંદ છે, તેને જાણનાર જ્ઞાનનો અંશ તે નિશ્ચય છે એ નિશ્ચયનય ધ્રુવને સાબિત કરે છે અને વર્તમાન પર્યાયને વ્યવહારનય સાબિત કરે છે. આ નયો વડે સાબિત થયેલી વસ્તુનો જ અનુભવ થાય છે તેથી અનુભવકાળે કાંઈ સાબિત કરવાનું રહેતું નથી. જેમ માલ લેવા જાય ત્યારે તેનો ભાવ પૂછે બરાબર તોળે છે કે નહિ તે જુએ, વેપારીના ત્રાજવા તપાસે વગેરે બધું કરે પણ એ માલ ખાતી વખતે ભાવ આદિનો કાંઈ વિચાર કરતો નથી. એ બધું ભૂલી જાય ત્યારે જ વસ્તુનો અનુભવ થાય. તેમ તોલા, ત્રાજવા ને ભાવની જેમ અહીં નય, નિક્ષેપ અને પ્રમાણ વડે પહેલાં વસ્તુનું સ્વરૂપ નક્કી કરે છે કે ત્રિકાળી દ્રવ્ય કેવું છે, તેની અવસ્થા કેવી છે, આખી વસ્તુ કેવી છે તેના કેટલા અંશો છે વગેરે...વગેરે...પણ અનુભવકાળે એવો કોઈ વિચાર હોતો નથી. એવો વિચાર કરે તો અનુભવ થતો નથી માટે તેને અનુભવકાળે બાધક કહ્યાં છે.

પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણ તો નહિ સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધ કરે છે, સાબિત કરે છે પણ અનુભવ કરે ત્યારે પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણ હોતા નથી. અનુભવમાં વસ્તુ સિદ્ધ જ છે માટે ત્યાં પ્રમાણ પણ અનાવશ્યક છે.

નિક્ષેપથી વસ્તુની સ્થિતિ સમજવામાં આવે છે કે, આ વસ્તુ છે, આ વસ્તુના ભાવો છે, આ શક્તિ છે અને આ પ્રગટ અવસ્થા છે પણ અનુભવમાં તો પ્રગટ વસ્તુનો અનુભવ છે તેથી તેમાં આ દ્રવ્ય અને આ ભાવ એવા વિકલ્પની જરૂર રહેતી નથી. માટે નિક્ષેપ પણ અનુભવમાં નિષ્પ્રયોજન છે એટલું જ નહિ આ નય, પ્રમાણ અને નિક્ષેપ અનુભવની દશામાં બાધા કરે છે, વિઘ્ન કરે છે, પરંતુ તેને હાનિકારક સમજીને પ્રથમ અવસ્થામાં છોડવાનો ઉપદેશ નથી કેમ કે તેના વિના પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી.

વસ્તુ કેવી છે, તેમાં કેટલી શક્તિ છે, કેટલી પર્યાય છે, વગેરે ભાવને સિદ્ધ કરવા માટે નય, પ્રમાણાદિની જરૂર છે. કેમ કે એ વસ્તુને સિદ્ધ કરે છે તેના વડે સર્વજ્ઞે કહેલો આત્મા અને અજ્ઞાનીએ કહેલાં આત્માના સ્વરૂપની ભિન્નતા જાણી શકાય છે.

જેમ દંડ, ચક્ર આદિ સાધનો વિના ઘડાની ઉત્પત્તિ થતી નથી. જેમ ઘટ પદાર્થ સિદ્ધ થયા પછી દંડ ચક્ર આદિ વિડંબનારૂપ જ થાય છે, તેવી રીતે જ અનુભવ થયા પછી નય, નિક્ષેપ આદિના વિકલ્પ હાનિકારક છે. દંડ, ચક્ર વિના ઘડો થતો નથી એનો અર્થ એટલો કે ઘડો થાય ત્યારે દંડ, ચક્ર આદિ હોય છે પણ તેનાથી ઘડો થાય છે એમ નથી. કાર્યકાળે નિમિત્ત હાજર હોય છે પણ એ નિમિત્તથી કાર્ય કે કાર્યકાળ થતા નથી. જે વસ્તુની જે અવસ્થા જે કાળે થાય તે તેનો કાર્યકાળ છે, તે કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્ત આવ્યું માટે કાર્ય થયું એમ માનો તો તો નિમિત્ત જ ઉપાદાન બની ગયું.

આ મનુષ્યદેહનો એક એક સમય ચક્રવર્તીની સંપદા કરતાં પણ અધિક મૂલ્યવાન છે, તેનો એક સમય પણ ગુમાવવો ન જોઈએ. આત્માના કામ માટે સમયનો સદુપયોગ કરવો જોઈએ. પોતાની જાતનો નિર્ણય અને અનુભવ કરવા માટે આ કાળ છે. આંખ મીંચાય જાય તે પહેલાં આ કરી લેવા જેવું છે.

અહીં કહે છે, ચક્રાદિ સાધનો વિના ઘટની ઉત્પત્તિ થતી નથી. એ નાસ્તિથી કથન છે. અસ્તિનું કથન અને સ્વરૂપ એ છે કે ઘટ થવા કાળે કુંભાર અને ચક્રાદિ સાધનોનું નિમિત્ત હોય છે. ઘટ થઈ ગયા પછી તે વિડંબનારૂપ છે અર્થાત્ એ

સાધનોમાં નિમિત્તપણું પણ રહેતું નથી. તેમ અનુભવ થઈ ગયા પછી નય, નિક્ષેપ પ્રમાણના વિકલ્પોની જરૂર રહેતી નથી.

વાણિયા ચોપડા મેળવે છે ને ! તેમ અહીં ભગવાનનો ચોપડો મેળવવાની વાત છે.

હવે શુદ્ધનયની અપેક્ષાએ જીવનું સ્વરૂપ કહે છે.

आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्तविमुक्तमेकं ।
विलीनसङ्कल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥ १० ॥

પરમાનંદમૂર્તિ ભગવાન તીર્થંકરદેવે જોયો એવો જે પવિત્ર આત્મા શુદ્ધનયથી કેવો છે તે કહે છે. પર્યાયના ભેદ અને રાગ એ તો અશુદ્ધનયનો વિષય છે. અહીં શુદ્ધનયથી આત્માનું સ્વરૂપ કહે છે.

आदि अंत पूरन-सुभाव-संयुक्त है ।
पर-सरूप-पर-जोग-कल्पनामुक्त है ॥
सदा एकरस प्रगट कही है जैनमें ।
सुद्धनयातम वस्तु विराजै वेनमें ॥ ११ ॥

આ એક એક શ્લોક વીતરાગમાર્ગના માખણ છે.

અર્થ:—જીવ. આદિ અવસ્થા નિગોદથી માંડીને અંત અવસ્થા—સિદ્ધ પર્યાય સુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે. જીવની આદ્ય અવસ્થા નિગોદ છે. બટાટા, શકરકંદ, લીલફૂગ એ બધી નિગોદદશા છે. અનાદિથી જીવ એ દશામાં હતો એ નાનામાં નાની નિગોદદશાથી માંડી સિદ્ધ થશે ત્યાં સુધીની બધી દશામાં વસ્તુ તો પરિપૂર્ણ છે. અવસ્થાનું લક્ષ ન કરો તો દ્રવ્યસ્વભાવ પૂર્ણ...પૂર્ણ...પૂર્ણ છે. દ્રવ્ય સદા પૂર્ણસ્વભાવ સહિત છે.

લીલફૂગ, બટાટા, શકરકંદ આદિ નિગોદની એક કટકીમાં અસંખ્ય તો શરીર છે અને એક એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા તેનાથી અનંતગુણા જીવ છે. આ ભગવાનની કહેલી બહુ મોટી વાત છે. જીવની નિગોદદશા છે એ બહુ નાની છે અને સિદ્ધદશા પૂર્ણ છે પણ એ બધી દશામાં વસ્તુ તો સદાય એકરૂપ પરિપૂર્ણ છે—ધ્રુવ છે.

આહાહા ! આ તે કાંઈ વાત છે ! એક રાઈ જેવડી કટકી, એમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અનંત જીવ, તે દરેકનું દ્રવ્ય તો સ્વભાવે પરિપૂર્ણ ભર્યું છે. જીવનો આ સદૃશ્ય સ્વભાવ છે. શક્તિના વર્ણનમાં આવે છે કે સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવી અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ આત્મામાં છે.

આ તો મોક્ષના મંડપની વાતો છે બાપા! દુનિયાના બહારના મહોત્સવો તો અજ્ઞાનમાં ઘણાં માણ્યાં પણ બાપુ! આ ચીજ કોઈ જુદી છે.

ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્યો જોયા છે તેમાં અનંત જીવો, અનંતાનંત પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ એક એક અને અસંખ્ય કાલાણુ છે. તેમાંથી જીવ કોઈ પણ અવસ્થામાં હો—નાનામાં નાની નિગોદ અવસ્થામાં હો પણ ત્યારે તેનું દ્રવ્ય વસ્તુ તો પૂર્ણસ્વભાવથી ભરેલું જ રહે છે. માટે કહે છે કે અંશને લક્ષમાં ન લે અને દ્રવ્યને લક્ષમાં લે તો દ્રવ્ય તો પૂર્ણ પૂર્ણ ધ્રુવ સદાય રહેલું છે.

અહો! આચાર્યોએ ગજબ કામ કર્યા છે. હથેળીમાં આત્મા બતાવ્યો છે તેમાં એક નજર તો કર!

એક સમયની પર્યાયનું લક્ષ તે પર્યાયદૃષ્ટિ છે તે છોડી દો તો દ્રવ્ય સદાય ધ્રુવ સ્વભાવથી સહિત છે. ધર્મ કરવો હોય તેણે આ સમજવું પડશે. કેમ કે પૂર્ણ-સ્વભાવમાંથી જ ધર્મ નીકળે છે. વર્તમાન અવસ્થા તો અંશ છે તેમાંથી ધર્મ નીકળતો નથી. ધર્મ પોતે પણ અંશ છે તે અંશ વખતે પણ વસ્તુ ધ્રુવસ્વભાવ સહિત છે.

**पर–सरूप पर–जोग कल्पनामुक्त है** । મારે આ પરદ્રવ્યનું નિમિત્ત છે એવી કલ્પનાથી પણ વસ્તુ રહિત છે અને પરદ્રવ્યના લક્ષે થતાં વિકૃતભાવથી પણ વસ્તુ રહિત છે, એક સમયની પર્યાયથી રહિત છે અને પૂર્ણ ધ્રુવ સ્વભાવથી સહિત છે. વસ્તુની આવી ઓળખાણ અને સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન થયા વિના વ્રત, તપ કરે છે તે બધાં એકડાં વિનાના મીંડા છે.

**आत्मस्वभावं परभावभिन्नम्** એ વડે અસ્તિ–નાસ્તિથી વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે. ત્રિકાળ ધ્રુવ શક્તિવાન પ્રભુ પોતાના ધ્રુવસ્વભાવથી સહિત છે અને પરરૂપ, નિમિત્ત કર્મ અને સંયોગથી રહિત છે. પરસ્વરૂપ અને પરજોગ એટલે પરનો સંબંધ તેનાથી આત્મા રહિત છે. શુદ્ધનયસ્વરૂપે આત્મા આવો છે.

લોકો એમ કહે છે કે, આનાથી કાંઈ સહેલું છે કે નહિ?

ભાઈ! વસ્તુમાં જે હોય તે સહેલું હોય કે ન હોય. સહેલામાં સહેલો પ્રથમ ધર્મ સમ્યગ્દર્શન ધર્મ છે. પછી ચારિત્ર અને કેવળજ્ઞાન તો મહા ઉત્તમધર્મ છે.

મિથ્યાત્વ સમાન મહાપાપ નથી અને સમ્યક્ત્વ સમાન પ્રથમ ધર્મ નથી. પણ

અજ્ઞાનીને તે બંનેની ખબર નથી. મિથ્યાત્વમાં શું પાપ છે એની જ એને ખબર નથી. આત્માને પરદ્રવ્યથી સહિત સ્વીકારવો એ મિથ્યાત્વ છે અને પરના સંબંધમાં હું છું એમ માનવું તે પણ મિથ્યાત્વ છે. આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે—પરના સંબંધરહિત છે.

આ વાત સમજવા માટે કેટલી ધીરજ જોઈએ!

આત્માને પરનો સંબંધ તો નથી પણ પરના સંબંધની કલ્પનાથી પણ એ મુક્ત છે.

**सदा एकरस प्रगट कही है जैनमें। सुद्धनयातम वस्तु विराजे वेनमें।**

વીતરાગની વાણીમાં દ્રવ્યનો—શુદ્ધનયનો વિષય આ પ્રમાણે સદા એકરૂપ કહ્યો છે. ત્રણકાળ ત્રણલોકને જાણનારા અરિહંતદેવની વાણીમાં ધ્રુવ શુદ્ધનયનો વિષય સદા એકરસ પ્રગટ કહ્યો છે. વસ્તુ સદા પ્રગટ છે.

દયા પાળવામાં ધર્મ માને છો ને! તો આત્માની દયા તો પાળ! આત્માને એક અંશ જેવડો માનવો તે તો તેની હિંસા છે. રાગવાળો માનવો તે જીવની હિંસા છે. આત્મા તો સદૈવ ચૈતન્યરસથી સંપન્ન છે, જ્ઞાયકરસથી સંપન્ન છે. શુદ્ધનયથી વસ્તુ હંમેશા આવા સ્વરૂપે બિરાજમાન છે એમ જિનવાણીમાં કહ્યું છે.

—o—

[ ક્રમશઃ ]

## * નિવૃત્તિ લેવી જોઈએ *

અરેરે! બહારની હોંશ કરે છે તે આત્માની શાંતિનો ઘાત કરે છે. આત્માને ઘાયલ કરે છે. પ્રભુ! એકવાર સાંભળતો ખરો! અનંત તીર્થંકરો ને અનંત કેવળીઓ જે કહેતાં આવ્યા છે તે આ વાત છે. ભાઈ! તું કોણ છો? કેવડો છો?—અનંત શક્તિનો નાથ જ્ઞાયકપ્રભુ છો, તેને અનુભવમાં લઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે નિર્જરા છે. પૂર્ણાનંદના નાથને ધ્યેય બનાવીને આનંદનો અનુભવ કરે, એ જ કરવાનું છે, એ કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુને આજીવિકા મળતી હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી. કરવા જેવું તો આ જ છે. અરે! ૮૪ લાખ યોનિના ભવાબ્ધિમાં ક્યાંય પત્તો નહિ ખાય. એ દુઃખથી છૂટવાનો આ જ માર્ગ છે, આ જ કરવા જેવું છે. અરે! આ ભવ હાલ્યો જાય છે! આ અમૂલ્ય વખત એમ ને એમ વેડફાઈ જાય છે. ભાઈ! આયુષ્ય પૂરું થતાં શું થશે?-માટે આ કરી લેવા જેવું છે, તે આજે જ કરી લે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્માનુપ્રેક્ષા છે તેમાં શ્રાવકના ધર્મોનું વર્ણન ચાલે છે. શ્રાવકને સમ્યગ્દર્શન તો પહેલાં હોય; વસ્તુસ્વરૂપ અનેકાંત છે તેને ઓળખીને જે શ્રદ્ધા કરે છે તે સમ્યગ્દષ્ટિ છે. એ વાત પહેલાં વિસ્તારથી કહી ગયા છે. સર્વજ્ઞદેવ જગતમાં છે અને તે સર્વજ્ઞદેવે જે પ્રમાણે જે સમયે જે પદાર્થમાં જે પરિણામ થવાનું જાણ્યું છે તે જ પ્રમાણે તે જ સમયે તેવા પરિણામ થાય છે. જેને આવી પ્રતીત થઈ તેની દૃષ્ટિ ફરી ગઈ એટલે કે જ્ઞાનસ્વભાવ ઉપર તેની દૃષ્ટિ ગઈ. પોતાના કે પરના જે પરિણામ થાય તેમાં તેને અરુચિભાવ ન થાય પણ જ્ઞાતા રહે. અલ્પજ્ઞ હોવા છતાં મારામાં સર્વજ્ઞ થવાની તાકાત વર્તમાનમાં પડી છે એવી પ્રતીત થઈ ત્યાં જ્ઞાતાપણાની દૃષ્ટિ થઈ. સર્વજ્ઞ પરિપૂર્ણ જાણે છે ને સાધક સમ્યગ્દષ્ટિ અધૂરું જાણે-દેખે છે, છતાં તેને પણ જ્ઞાતાપણાની દૃષ્ટિ છે. જુઓ ! અનેકાંત વસ્તુ સ્વરૂપ છે એટલે કે જીવ તે જીવ છે તે અજીવ નથી; અજીવમાં જીવ નથી ને જીવમાં અજીવ નથી, નવે તત્ત્વોનું સ્વરૂપ પૃથક પૃથક છે; આત્માના ત્રિકાળ સ્વભાવમાં એક સમયનો વિકાર નથી. એમ અનેકાંતથી જાણીને સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર થાય છે. એ સિવાય કોઈ પરના આશ્રયે થતાં વિકાર ભાવથી મોક્ષ થવાનું કહેતાં હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે. જેણે સર્વજ્ઞદેવને ઓળખ્યા છે. સર્વજ્ઞે કહેલું અનેકાંત વસ્તુસ્વરૂપ જાણ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવને પછી શુદ્ધતા વધતાં વ્રત હોય છે પણ તે સનાતન જૈન પરંપરા સિવાય બીજાને માને નહિ.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૧૩ માં કહે છે કે " કોઈ સત્યાર્થ પદોના સમૂહરૂપ જૈન શાસ્ત્રોમાં અસત્યાર્થ પદ મેળવે પરન્તુ જૈનશાસ્ત્રના પદોમાં તો કષાય મટાડવાનું વા લૌકિક કાર્ય ઘટાડવા પ્રયોજન હોય છે. હવે એ પાપીએ તેમાં જે અસત્યાર્થપદ મેળવ્યા છે તેમાં કષાય પોષવાનું વા લૌકિક કાર્ય સાધવાનું પ્રયોજન છે. એ પ્રમાણે પ્રયોજન મળતું નહિ આવવાથી જ્ઞાની પરીક્ષા વડે ઠગાતો નથી પણ કોઈ મૂર્ખ હોય તે જ જૈન શાસ્ત્રના નામથી ઠગાય, વળી તેની પરંપરા પણ ચાલતી નથી, તરત જ કોઈ એ અસત્યાર્થ પદોનો નિષેધ કરે છે. "

જુઓ, જ્ઞાની તો પરીક્ષા કરીને યથાર્થ વસ્તુ સ્વરૂપને નક્કી કરે છે. વ્રત અને પડિમા પહેલાં કેવી ભૂમિકા હોવી જોઈએ તેની આ વાત છે.

જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેનું બહુમાન ભક્તિ થાય છે તથા કુદેવાદિની માન્યતા છૂટી ગઈ છે અને અંતરના સ્વભાવની દૃષ્ટિ થઈ છે એવા જીવને વ્રત હોય છે. કુગુરુ-કુદેવ-કુશાસ્ત્ર કેવા અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તેને ઓળખીને કુદેવાદિને છોડે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને આદરે તો નિમિત્ત વચ્ચેનું ભેદજ્ઞાન થયું કહેવાય; પછી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર છે. તેને લીધે મને ધર્મ થતો નથી, એમ ઓળખવું તે ઉપાદાન-નિમિત્ત વચ્ચેનું ભેદજ્ઞાન છે અને પછી પોતામાં ત્રિકાળ શુદ્ધ સ્વભાવ છે તે એક સમયના વિકાર જેટલો નથી એમ સમજીને સ્વભાવ તરફ વળવું તે સ્વભાવ અને વિકાર વચ્ચેનું ભેદજ્ઞાન છે. ત્યાર પછી જ પડિમા અને વ્રત હોય છે. તેમાંથી અત્યારે બીજી પડિમાવાળા શ્રાવકના દેશાવગાશિક વ્રતનું વર્ણન કરે છે.

અર્થ:—શ્રાવકે પહેલાં સર્વ દિશાઓનું પ્રમાણ કર્યું હતું તેમાં ફરી સંવરણ કરે સંકોચ કરે તથા પહેલાં ઇન્દ્રિયોના વિષયો સંબંધી ભોગોપભોગ પરિમાણ કર્યું હતું તેમાં પણ સંકોચ કરે, કેવી રીતે? તે કહે છે: વર્ષ આદિ તથા દિવસ પ્રત્યે કાળની મર્યાદા સહિત કરે તેનું પ્રયોજન કહે છે: અંતરંગમાં તો લોભ તથા કામ ઇચ્છાના શમન એટલે ઘટાડવા અર્થે તથા બાહ્ય પાપ હિંસાદિકને છોડવા અર્થે કરે તે શ્રાવકને આ ચોથું દેશાવગાશિક નામનું શિક્ષાવ્રત હોય છે.

ચારે અનુયોગનો સાર શું? કે વીતરાગતા! એટલે કે સ્વભાવની સન્મુખતા અને પરની ઉપેક્ષા! આ બાર વ્રતના વર્ણનમાં પણ સ્વભાવના અવલંબનનો જ ઉપદેશ છે. સ્વભાવનું અવલંબન લેતા શુદ્ધતા વધે ને રાગ તૂટે તે અનુસાર વ્રત-પડિમા વગેરે હોય છે. ત્યાં અમુક પ્રકારનો શુભ વિકલ્પ આવે, પણ તે વિકલ્પના કાળે વિકલ્પ આવે છે, અમુક વખતે અમુક પ્રકારનો વિકલ્પ કરું-એવું કર્તાપણું ધર્મીને નથી. પણ સ્વભાવનું અવલંબન લીધું છે ત્યાં કઈ દશામાં કેટલી હદનો રાગ તૂટયો છે ને કેવા પ્રકારનો રાગ રહ્યો છે તે અહીં બતાવેલ છે.

જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિપૂર્વકની આ વાત છે. સ્વભાવ તરફની ઉગ્રતા વધતાં જેમ જેમ રાગ છૂટતો જાય છે તેમ તેમ નિમિત્તોનું અવલંબન પણ છૂટતું જાય છે. ચરણાનુયોગથી નિમિત્તથી વાત થાય, સમાધિમરણનો કાળ નજીક આવે ત્યારે ધર્મીજીવને અંદરમાં વિશેષ જાગ્રતિપૂર્વક સ્વ-સન્મુખતાની વૃદ્ધિનો કાળ છે. તેણે પ્રથમથી જ્ઞાતામાત્ર સ્વભાવનું સાધન કર્યું હોવાથી તેનો સરવાળો અપૂર્વ સમાધિ મરણરૂપ આવે જ છે.

એ પ્રમાણે બીજી વ્રત પડિમાવાળા શ્રાવકના બારવ્રતોનું વર્ણન કર્યું, હવે

શ્રાવક અંત સમયમાં દ્રવ્યસ્વભાવનું દ્રઢ આલંબન લઈ મુનિદશાની ભાવના સહિત સંલ્લેખના કરે છે તેનું વર્ણન કરે છે.

द्वादशव्रतैः युक्तः यः संल्लेखनां करोति उपशान्तः ।
सः सुरसौख्यं प्राप्य क्रमेण सौख्यं परं लभते ॥ ३६९ ॥

અર્થ :—જે શ્રાવક, બાર વ્રતો સહિત અંત સમયે ઉપશમ ભાવોથી યુક્ત થઈ સંલ્લેખના કરે છે તે સ્વર્ગનાં સુખ પામી અનુક્રમથી ઉત્કૃષ્ટ સુખ જે મોક્ષસુખ તેને પ્રાપ્ત થાય છે.

જેણે નિશાન તાકી લક્ષને વીંધવાનો અભ્યાસ કર્યો હોય તે ટાણાં આવ્યે શત્રુને જીતી શકે પણ હાથમાં હથિયાર ઝાલતાં ન આવડે તે રણમાં જઈ શું કરશે? તેમ શ્રાવકદશામાં ઉત્કૃષ્ટ સ્વભાવની ભાવના ભાવી છે, ગુણી ને ગુણની એકતાનું જોડાણ કર્યું છે, તેને દેહ છોડવાનાં ટાણાં આવે ત્યારે તે પરમ શાન્તરસમાં ઝૂલતાં ને જ્ઞાન-ધ્યાનમાં રમણતાપૂર્વક જાગૃતિમાં દેહ છોડે છે ને મોહશત્રુને હણે છે. કોઈ કહે કે જેને ઘણો કાળ જ્ઞાન-વૈરાગ્યનો અભ્યાસ હોય તેને શાન્તિપૂર્વક મરણ થાય તો તેવો કોઈ નિયમ નથી. કોઈને જુવાન ઉંમર હોય, કોઈ ઘોર ઉપસર્ગ આવે, સર્પ, અગ્નિ, પાણીનું પૂર, અથવા સિંહનો સંયોગ થાય, દેહની સ્થિતિ આ કાળે આમ જ હોય એમ વિચારી બાહ્ય લક્ષ છોડી ફડાક અંદર સમાઈ શાન્તિનો અનુભવ કરે છે. કાંઈ કરવું પડતું નથી પણ તે કાળે ધર્મી જીવને અંતર્મુખ આરાધનાનો સરવાળો છે, તેને જ્ઞાતા-દ્રષ્ટાપણાની પ્રસન્નતાપૂર્વક દેહ છોડવાનો એવો જ કાળ નિયત છે, નિર્વિકલ્પ અનુભવ હોય તો દેહના સંયોગનો ખ્યાલ પણ ન હોય, ભૂમિકા યોગ્ય ઉપશમ ભાવ હોય.

ભાન સહિત શ્રાવક છે તે બાર વ્રતો સહિત અંત સમયે ઉપશમ ભાવ સહિત થઈ અંદરમાં સ્વભાવ સન્મુખતામાં વિશેષ ઉત્સાહરૂપ સંલેખના કરે છે. તે કષાયને કૃશ કરી શાંતિ જ વધારે છે. છતાં કંઈ રાગ રહ્યો તેથી સ્વર્ગના સુખ પામી અનુક્રમથી ઉત્કૃષ્ટ સુખ–મોક્ષ સુખને પામે છે.

ભાવાર્થ :—અકષાય જ્ઞાયક સ્વભાવનો મહિમા અંદરમાં વર્તે છે, પુરુષાર્થની સ્થિરતારૂપ જમવટ દ્વારા અપૂર્વ શાન્તિમાં ઝૂલે તે સમાધિમરણ છે. જેને અપ્રતિહત ભાવે ધર્મની શરૂઆત થઈ છે, જેને અંતે પૂર્ણ કેવળજ્ઞાન થવાના ભણકારાનો નિર્ણય થઈ ચૂકયો છે, તેને સમાધિમરણ અને પૂર્ણતાની પ્રથમથી તૈયારી હોય છે. નિરંતર નિઃશંકતા નિર્ભયતા હોય છે. મરણ ટાણે દવા ઇંજેકશન વગેરેના શરણાં ન લે, નાની ઉંમર હોય કે મોટી, પણ બાર વ્રતમાં વીતરાગી જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની ભાવના ભાવી

છે, તેથી તેની સ્વસન્મુખ જાગૃતિના પ્રમાણમાં અંદરની શાંતિ હોય જ છે. જ્ઞાની સામે મરણ ટાણે સ્ત્રી પુત્રાદિ ઊભા રહે, કંઈ મોહ બતાવે, કહે કે કંઈ ભલામણ કરો, સોંપણી કરો, ધર્મી તેના સામે ન જુએ. અંદરમાં શાંતિની ધારાનો અવસર છે. તેથી પરથી સહજ ઉદાસીનતા વર્તે છે. અજ્ઞાનીને બેભાન દશામાં મળમૂત્ર ચાલ્યા જાય ને કાંઈ આત્મશાંતિ રહે નહિ.

જ્ઞાનીને પ્રથમથી જ નિ:શંકતા છે કે સર્વજ્ઞે જે ક્ષેત્રે જે કાળે જેમ થવાનું જોયું છે તેમ જ થવાનું છે તેથી તે નિરંતર સમાધિમાં જ જાગ્રત છે. પ્રથમથી જ તૈયારી હોય છે. તેથી મરણકાળ નજીક જાણી સર્વ પ્રત્યે મમત્વ છોડી કષાયોને ક્ષીણ કરે. આહાર ઘટાડી અનશનાદિ તપ દ્વારા કાયાને ક્ષીણ કરે કે જેથી શરીરમાં મળમૂત્રના સંબંધથી રોગ થતા હોય તે ન થાય, અંત સમયમાં પ્રમાદ ન થાય એમ વિકલ્પ આવે છે. બહારનું પોતાને આધીન માને નહીં, પણ પ્રમાદ–આકુળતા ન વધે તેવી જાગૃતિ રાખે છે. એ પ્રમાણે સન્મુખતાની શાંતિમાં રમણતાના પ્રયોગરૂપ સંલેખના ધર્મી જીવ કરે છે. અજ્ઞાની શરીરની સંભાળમાં લીન હોય છે. દવા, ચાકરી કરનારા વગેરેની આશા રાખે છે. ત્યારે જ્ઞાની પોતાને જ શરણ માની સર્વસમાધાનમાં વર્તે છે. નિર્વિકલ્પ ધ્યાન ન થઈ શકતું હોય તો પંચપરમેષ્ઠિનું સ્મરણ કરે, જ્ઞાયકમાત્ર રત્નસ્વરૂપ છું એમ ભાવના ભાવે.

અસંખ્યાતા તિર્યંચ સમ્યગ્દષ્ટિ છે. પાંચમાં ગુણસ્થાનવાળા છે તેને મરણ વખતે કોઈ પાસે હોતું નથી. અંદરમાં સમતાપૂર્વક જ્ઞાતા જાણનાર જ છું એવી દૃઢતા ને ભાવનાપૂર્વક એકલો સમાધિમરણ કરે છે. નિ:શંક જ્ઞાતા જ છું એ શ્રદ્ધાના જોરે સમાધિ જ ભાળે છે.

મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૩૨૩ માં છે કે કેવળી સિદ્ધભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઇચ્છતા નથી તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું.

ધર્મી જીવ સમાધિમરણ વખતે સ્વરૂપચિંતવન વ પંચપરમેષ્ઠીના ચિંતવનમાં લીન થઈ રાગના અભાવરૂપ નિશ્ચયવ્રત–સંવરરૂપ પરિણામ સહિત બન્યો થકો શરીરને છોડે છે, ને સ્વર્ગપદને પામે છે, ત્યાં પણ વીતરાગતાની ભાવના રાખે છે કે મનુષ્ય થઈ ચારિત્ર પાળું એ પ્રમાણે અનુક્રમથી તે મોક્ષસુખને પામે છે.

[ ક્રમશ: ]

# ત્રૈલોક્ય-દુઃખહર પ્રભુભક્તિ

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ભક્તામર સ્તોત્ર છે. ભરતક્ષેત્રમાં આ ચોવીશીમાં ચોવીશ તીર્થંકર થયા તેમાં પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનને ઉદ્દેશીને શ્રી માનતુંગ આચાર્યે સ્તુતિ કરી છે, જેને ઋષભજિન સ્તુતિ અથવા ભક્તામર સ્તોત્ર કહેવાય છે. આ મહા અનુપમ કાવ્ય છે. આ દિવ્ય અદ્‌ભુત સ્તુતિમાં નિશ્ચય અધ્યાત્મ શૈલી પણ ગોઠવાઈ ગઈ છે. ઘણા જીવો આ સ્તુતિ સાંસારિક ફળની આશાએ કર્યા કરે છે તે નકામું છે.

જેને આત્માના અનંતગુણની રુચિ થઈ છે તે આત્મા પરમાત્મા થવાને લાયક છે તેવી દૃષ્ટિ જેને થઈ છે તે અંતરમાં પૂર્ણ પરમાત્મશક્તિને અવલંબે છે અને નિશ્ચય વ્યવહાર સ્તુતિનું સ્વરૂપ જાણે છે. જેઓ પરમાત્મા થયા તે અંતર સ્વભાવને અવલંબે થયા છે, એવા પરમ પદની જેને રુચિ છે તે તેની રુચિના ગાણા ગાય છે. પરમેશ્વર પદની રુચિવાળા સંયોગ તથા વિકારની રુચિ રહિતપણે થયો છે તેથી સાચી સ્તુતિ કરી શકે છે. પ્રભુ! આપે અંતરમાં પૂર્ણ સ્વભાવનું સાધન કર્યું છે, તેથી આપને સર્વોત્તમ માનું છું. તમારામાં મન સંતોષાય છે. બીજામાં સંતોષાતું નથી.

સ્ત્રી સેંકડો પ્રસવતી કદી પુત્ર ઝાઝા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા,
તારા અનેક ધરતી જ દિશા બધીય,
તેજે સ્ફુરિત રવિને પ્રસવે જ પૂર્વ. ૨૨.

આ જગતમાં સ્ત્રીઓ ઘણી હોય છે ને ઘણાં દીકરાને જન્મ આપે છે. પણ આપની માતા એવા અનુપમ છે, કે ત્રણલોકનો સ્વામિ ઈન્દ્ર પણ માતાની સ્તુતિ કરે છે, રત્નકૂખ ધારણી માતા ધન્ય છે, આપને અમારા નમસ્કાર છે. ત્રણે જ્ઞાન લઈ તીર્થંકર ભગવાન માતાના ગર્ભમાં આવ્યા માટે માતાને ઈન્દ્રો નમસ્કાર કરે છે 'નમો રત્નકૂખ ધારીણી' એમ કહે છે.

સેંકડો સ્ત્રીઓ જગતમાં છે ને સેંકડો પુત્રોને જન્મ આપે છે. આપની માતા આપને એકને જ પ્રસવે છે. આપ આનંદ અનુપમ શાંતિના સાગર છો. આત્માના લક્ષે આપે દિવ્ય ખ્યાતિ મેળવી. આપ પવિત્રતામાં પૂર્ણતાને પામ્યા.

હે માત! અવતાર આપે તો આત્મા પરમાનંદથી મૂર્તિ છે તેની ભક્તિ કરનારને જન્મ આપજે. પુણ્યનો, સંયોગનો પ્રેમ કરનાર દીકરાને અનંતવાર જન્મ આપ્યા. આત્મા પરિપૂર્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તેના આશ્રયે જ હિત છે, માટે એનો જ આદર કરનારને જન્મ આપજે.

પુણ્ય પાપ આદરવા જેવા નથી. જે વિકારનો આદર ન કરે; મિથ્યા માન્યતાનો આદર ન કરે એવા ભક્તને જન્મ આપજે, અથવા અવિનાશી સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, આનંદને આપે એવા દાતારને જન્મ આપજે. —એમ કહેવામાં પવિત્રતાનો આદર છે.

લોકમાં ધનાદિનું દાન આપનાર ઘણા જન્મે છે તેની વાત નથી પણ આત્મા અખંડ શુદ્ધ આનંદ સ્વરૂપ છે એવું યથાર્થ ભાન કરી અંતરંગ શક્તિમાંથી શુદ્ધતા લેનાર-દેનાર આત્મા પોતે જ છે એવા દાતારનો જ્ઞાનીને મહિમા છે. વીર એટલે પોતાના સ્વ-સામર્થ્યની રચના રૂપ આત્મબળ વડે સ્વ વીર્ય વડે આત્મામાં અતીન્દ્રિય આનંદનો વિસ્તાર કરી અનંતજ્ઞાન-દર્શન-સુખ અને અનંતવીર્યને પ્રગટ કરે તે વીર છે. આવા આધ્યાત્મિક ભક્ત, દાતાર અને વીરને જન્મ આપે તેની માતાને ધન્ય છે, નમસ્કાર છે. લોકો કહે છે કે આવા ભૂંડા આચરણવાળા છોકરા કરતાં પત્થરો જન્મ્યો હોત તો ઠીક એમ કહે છે તેમ અહીં કહે છે કે પુણ્યની રુચિવાળાને જન્મ આપીશ નહીં પણ જેઓ પંચકલ્યાણકના સ્વામી થાય એવાને જન્મ આપજે એમ કહેવાનો અર્થ છે.

જ્યાં ૪૮ તાળાથી બંધીખાનું છે એવા ઓરડામાં બેઠા બેઠા શ્રી માનતુંગાચાર્ય કેવું ભવ્ય સ્તવન બનાવે છે! સાચાં મોતી પાકે તે છીપ જુદી જાતની હોય તેમ હે પ્રભુ! આપ જેવા પુત્રને બીજી માતા જન્મ આપી શકે નહિં. તીર્થંકર જન્મ વખતે સમ્યક્ મતિ-શ્રુત-અવધિ એમ ત્રણ જ્ઞાનના ધણી છે, ઈન્દ્રો ભગવાનને જન્મ અભિષેક મહોત્સવ માટે મેરૂ પર્વત ઉપર લઈ જાય છે. અહો! છેલ્લો દિવ્ય દેહ છે. ક્ષીર સાગરના જળથી આઠ આઠ યોજનના કળશ ભરીને ૧૦૦૮ ઘડાથી અભિષેક કરે છે. પછી શૃંગાર, વસ્ત્ર, પહેરાવી માતાને સોંપે છે. માતાની સ્તુતિ કરે છે. પુત્ર તમારો ધણી-હમારો-તારણહાર જહાજજી...આ છેલ્લો અવતાર છે. મુક્તિ થશે, કેવળજ્ઞાન પ્રગટશે અને ઓંકારમય એકાક્ષરી દિવ્ય ધ્વનિ છૂટશે. મોક્ષમાર્ગ અને સ્વતંત્રતાનો ઢંઢેરો પીટશે. અહો!! અમારી આત્માની ઋદ્ધિ સમજાણી તેમાં તે નિમિત્ત છે. માતા! તું તો મહા ભાગ્યવાન ત્રિલોકનાથ તેની માતા. નાથ એટલે મેળવેલી ચીજનું રક્ષણ કરે અને અણમેળવેલી ચીજ મેળવી આપે તે અપેક્ષા એ સાધક પોતાના સાધ્યરૂપ પરમેશ્વર આત્માને લક્ષમાં રાખીને આપને વંદન નમસ્કાર કરે છે કે હે

નાથ ! નિર્મળતાની વૃદ્ધિમાં આપ નિમિત્ત છો એવા હે નાથ ! આપની માતા
આપને એકને જ જન્મ આપ્યો છે.

અંતર સમભાવનો આશ્રય કરી નિર્ગ્રંથ પરમેષ્ઠીપદ પ્રગટ કરી પૂર્ણ પરમાત્મપદ પામનારા આપ છો. જેમ આકાશ-મંડલમાં અઠાવીશ નક્ષત્રો જુદી જુદી દિશાએથી ઉદ થાય છે પરંતુ હજારો કિરણોને પ્રકાશનાર સૂર્યને પૂર્વદિશા પ્રગટ કરે છે તેમ સંસારના ચારગતિમાં ભ્રમણ કરનાર જીવને જન્મ દેનારી તો ઘણી માતાઓ છે પણ આપને જન્મ આપનાર, આપને યોગ્ય ઉત્તમ માતા હોય, અન્ય માતા ન હોય. તીર્થંકરના માતા પિ નિકટ મોક્ષગામી હોય છે. પિતા તે ભવે અથવા બીજા બે ભવે મોક્ષ જાય, માતા બે ભવ હોય આપ ભાગ્યશાળી માતાના અદ્વિતીય રત્ન છો એમ કહી પ્રભુતા વર્ણન કરે છે.

માને પરંપુરુષ સર્વ મુનિ તમોને,
ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે;
પામી તને સુરીત મૃત્યુ જીતે મુનીન્દ્ર,
છે ના બીજો કુશળ મોક્ષ તણો જ પંથ. ૨૩.

આપ જ પરમ પુરુષ છો; પુરુષોત્તમ છો, રાજાપણું, દેવપણું, મળે તો પરમ પુરુષ નથી પણ આપ જ પરમ પુરુષ છો. અજ્ઞાની જીવ પોતે પોતાને મહારથ માને છે, અહીં કહે છે કે જેણે પરમાત્મશક્તિનો વિકાસ કર્યો, દેહ છતાં જીવનમુક્ત પદ પ્રગટ કર્યું, આનંદ પ્રગટ કર્યો તે જ મહારથી છે. કારણ કે છેલ્લો દેહ છો મુક્તદશા આપે પ્રગટ કરી છે. ફરી સંસારમાં આપને અવતાર લેવાનો નથી.

હે તીર્થંકર દેવ; મુનિઓના નાથ ! મુનિગણ આપને સૂર્ય સમાન તેજસ્વી નિર્મલ નિર્મોહી અને પરમ પુરુષ માને છે. આપે મોક્ષપદનો સમ્યક્ પ્રકાર પ્રા કરીને મરણને જીત્યો છો. તે મોક્ષપદ આપથી ભિન્ન નથી. માટે મુનિજનો આપને મોક્ષનો માર્ગ માને છે. મુનિ એટલે કાંઈ સંપ્રદાયનો વેશ રાખે તે સાધુ એમ નહિ આત્મા જ્ઞાન-આનંદ સ્વરૂપ છે, નિશ્ચય સમ્યગ્દર્શન સહિત અતીન્દ્રિય આનંદન સેવનાર સાધુ પણ તે જ છે.

જૈન ધર્મ મૂળ માર્ગ છે. ભલે જૈન ધર્મમાં દિગમ્બર દ્રવ્યલિંગધારી સાધુ થા પણ જો ક્રિયામાં ધર્મ માને, પુણ્યથી-વ્યવહારથી કલ્યાણ માને તો તે સાધુ નથી. જ્ઞાતાદ્રષ્ટા છું, પંચ મહાવ્રત ઝેર છે. કઈ અપેક્ષાએ ?-કે તે શુભ આસ્રવ છે, બંધન

કારણ છે, ચૈતન્યની જાગૃતિને રોકનાર છે, માટે નિશ્ચયથી ઝેર છે તેથી તેને વિષકુંભ કહેલ છે.

અંતરમુખ એકાગ્રતા વડે હું તો જ્ઞાતા જ છું, ક્ષણિક રાગ તે આસ્રવ છે, તેનો આદર છોડી મુનિપણું પ્રગટ કરે છે તેને બાહ્યમાં વસ્ત્ર પાત્ર હોય નહિ. ૨૦ મૂળગુણના શુભ વિકલ્પ હોય છતાં તેની મુખ્યતા ન હોય એમ નિશ્ચય-વ્યવહારની જ સંધિ સહિત વીતરાગ ભાવરૂપ મોક્ષમાર્ગ છે. તે શુદ્ધોપયોગરૂપ અંતર સાધનમાં તીર્થંકર ભગવાન નિમિત્ત છે. તેથી આપ મુનિઓના નાથ કહેવાઓ છો. વસ્ત્ર પાત્ર સહિત હોય તે મુનિ નથી અને નગ્ન રહે તે પણ મુનિ નથી. શરીરની ક્રિયા મારે આધીન નથી. પરથી મારું હિત અહિત નથી, હું તો નિત્ય જ્ઞાતા છું એવી શ્રદ્ધા પૂર્વક સ્વ-સન્મુખ લીનતા વડે જે મુનિ દશાને યોગ્ય શુદ્ધિ પ્રગટ થાય છે તેનું રક્ષણ કરવામાં તથા પૂર્ણતા કરવામાં આપ નિમિત્ત છો. માટે હું આપને યોગક્ષેમના કરનારા માનું છું. આપ અનંત ચક્ષુ છો, સર્વજ્ઞ છો.

મનુષ્યને બે ચક્ષુ છે. તે ઉપરાંત દેવોને અવધિજ્ઞાન રૂપી ચક્ષુ છે. કેવળી ભગવાનને અંતર શક્તિમાંથી કેવળ જ્ઞાનરૂપી અનંત ચક્ષુ પ્રગટ થયેલ છે.

હે નાથ! આપને રાગાદિ વિકલ્પ નથી. મુનિ સંઘ વગેરેનું શું થયું? કેટલા ધર્મ પામ્યા ને કેટલા ધર્મ ન પામ્યા? એવો જિન શાસનનો વિકલ્પ પણ આપને નથી. વાણી વાણીના કારણે નીકળે છે. પાત્ર જીવો પોતાના કારણે ધર્મ પામે છે. પાત્ર જીવો પોતાના કારણે પામશે તો વાણીને નિમિત્ત કહેવાય છે. વાણીનું શું ફળ આવ્યું તે જોવા ભગવાન રોકાણા નહિ, દુનિયામાં દુકાળ પડે. લડાઈ અથવા રોગ ફાટી નીકળે તોપણ કરુણાનો વિકલ્પ આપને નથી માટે આપ નિર્વિકાર છો.

દુનિયાના દુઃખ દેખીને હલી જાય, રાગ થઈ આવે તે પરમાત્મા નથી. દુનિયાને માટે અવતાર લ્યે તે ભગવાન નથી. ત્રણલોકના જ્ઞાતાદૃષ્ટા રહે અને પૂર્ણ આનંદને અનુભવે છે તે ભગવાન છે. વીતરાગ થયા તે વળી પરમાં સાવધાન થાય એમ બને નહિ. જૈન શાસનમાં જૈનોને દુઃખ થાય છે માટે તેને મદદ કરું એવો વિકલ્પ તેમને નથી. મોહથી પર રહેનાર અઢાર દોષ રહિતને દેવ કહેવાય છે. આપ ત્રણ કાળનું જાણનાર છો. આપે ફરમાવ્યું છે કે જે રીતે હું પૂર્ણ થયો તે રીતે તું પણ પૂર્ણ થવાને લાયક છો. આપ કોઈ વિકારના મોહથી પરેશાન નથી.

જ્ઞાનીઓ આપને પરમ પુરુષ માને છે. મુનિ દિગંબર છઠ્ઠી સાતમી ભૂમિકામાં ઝૂલે છે. એવા મુનિઓ આપને જ સ્વીકારે છે. હે નાથ! આપની પૂર્ણ શક્તિ અનંત-જ્ઞાન આનંદમય છે. તે શક્તિમાંથી આપનો વિકાસ થયો છે. મારે પણ એ જ ઉપાયનો

આદર છે. આ મૃત્યુંજય જાપ છે. અજ્ઞાની જીવો મૃત્યુંજય જાપ જપે છે. એક જમીનદારને શરીરમાં ઈયળો પડી હતી. પછી મૃત્યુંજય જાપ જપાવ્યા છતાં શડો પાડતાં પાડતાં મરી ગયા, દિવાનપણા તથા પૈસા શરણ ન થયા.

હે નાથ! સમ્યગ્જ્ઞાન દ્વારા તારું શરણ લીધું તો બેડો પાર થવાનો છે. જેમ તેજી ઘોડી ઉપર સવાર થાય તે ઇસારાથી તુરત જ દોડે છે તેમ હે નાથ! આપ સર્વજ્ઞ પરમાત્માની વાણી પાત્ર જીવોને જ મોક્ષમાર્ગનું નિમિત્ત છે. પાત્ર જીવો જ સાચે મૃત્યુંજય જાપ જપે છે. જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન કરનારા મૃત્યુને જીતી જાય છે. "અમારા અરિહંત દેવ ત્રણ કાળનું જાણે." એમ લોકો કહે છે, પણ તને કેવળ જ્ઞાનની ખબર છે?

ભગવાન સર્વજ્ઞ પરમાત્માને પૂર્ણ જ્ઞાન પ્રગટયું છે એવા અનંતજ્ઞાની થઈ ગયા છે. તેનું સ્વરૂપ જાણી અંતરમાં પૂર્ણ રૂપની ઓળખાણ કરે તો સર્વજ્ઞની શ્રદ્ધા સાચી શાંતિમાં નિમિત્ત છે. માત્ર 'નમો અરિહંતાણં' ગોખવાની વાત નથી.

અરિહંતા શરણં જૈનમાં રૂઢીથી બોલાય છે પણ તેનો શો અર્થ છે? શું વીતરાગ ભગવાન શરણ આપે છે? કોઈનું શરણ તેમની પાસે છે? ના, એ તો વિનયથી બોલવાનો વ્યવહાર છે. તેમણે તો તારામાં પૂર્ણ શક્તિ છે એમ બતાવ્યું છે. તારા આત્મામાં યથાર્થ જ્ઞાન થાય તો અર્હંતનું જ્ઞાન કહેવાય. નિશ્ચયથી દરેક આત્મા પૂર્ણ શક્તિવાન પરમાત્મા છે તેનો વિચાર કરી અંતરમાં સાવધાન થાય તો તે મૃત્યુ ન થાય ને મોક્ષદશા પામે. તે સિવાય બીજો ઉપાય નથી.

સાંખ્ય મતવાળા આત્માને તદ્દન નિર્મળ અને અપરિણામી માને છે પણ એમ હોય તો અવતાર હોય નહિ. સર્વથા શુદ્ધ માને ને સંસાર રાગાદિને જડ કરાવે, એમ કહે છે તે વાત બરાબર નથી.

હે ભગવાન! આપ પરમ પુરુષ છો.

પુરુષ કોને કહે? જે પોતાના નિજગુણમાં શયન કરે; જ્ઞાન આનંદમાં રમે પુરુષ છે એમ પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં અર્થ છે. આપ પરમ પુરુષાર્થ વડે કૃતકૃત્ય થઈને આત્માના પરમ શાંત રસમાં શયન કરો છો. સમ્યગ્દષ્ટિ પોતાને શ્રદ્ધા અપેક્ષાએ કૃતકૃત્ય માની અંશે નિજગુણમાં શયન કરે છે. તેથી અવિરત સમ્યગ્દષ્ટિ પ સતપુરુષ છે અને જે પુણ્ય-પાપમાં રાચે છે ને તેમાં લાભ માને છે તે નપુંસક નપુંસકને પુત્રનો જન્મ થાય તો પુણ્યમાં આત્મહિતનો લાભ થાય. પણ એમ બને

જ નથી. ધર્મનો પ્રસવ ધર્મી આત્માથી થાય, માટે પુણ્યથી ધર્મ માનનારને અંશ માત્ર ધર્મ ન થાય. દાંડી પીટીને નગ્ન સત્ય સંતોએ જાહેર કર્યું છે.

"રણે ચડયો રજપૂત છૂપે નહિ,
સૂર્ય છીપે નહિ બાદલ છાયા,"

—તેમ શ્રી માનતુંગાચાર્ય પોકાર કરે છે કે "પરમ પુરુષાર્થ કરીને તેનો ઉપદેશ આપે કર્યો છે માટે આપ પરમ પુરુષ છો." આપના અભિપ્રાય અનુસાર પરમપદનું ધ્યાન કરે તેને જન્મ મરણ થાય નહિ. જે ભાવથી અવતાર મળે તે ભાવને જપે તેને અવતાર ટળે નહીં. પુણ્ય-પાપ બેઉ સંસાર છે. પુણ્યને હિતકર માનનાર આપથી દૂર રહે છે. જેને નિર્મળ પરમાત્મશક્તિનો આદર નથી તે વિકારનો આદર કરે છે, તેથી તેને મુક્તિ થતી નથી.

આપના આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, પ્રભુત્વ આદિ સર્વ શક્તિનો વિકાસ એક સમયમાં થઈ ગયો છે. દરેક આત્મામાં અનંતી શક્તિ છે. સર્વજ્ઞ શક્તિ, સર્વ દર્શીત્વ શક્તિ, અકારણ-કાર્ય શક્તિ એવી અનંતી શક્તિ છે. તેનો આધાર પોતે આત્મા છે તેનું ભાન કરી જેણે પૂર્ણદશા પ્રગટ કરી છે તેને ઓળખીને પછી તેને ગમે તે નામથી જપે તે સાચો જાપ છે. તે સિવાયના કોઈ સાચા જાપ નથી.

તું આદ્ય અવ્યય અચિંત્ય અસંખ્ય વિભુ,
છે બ્રહ્મ ઈશ્વર અનંત અનંગકેતુ;
યોગીશ્વર વિદિતયોગ અનેક એક,
કે' છે તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત. ૨૪.

હે સર્વજ્ઞ દેવ! સંતો આપને અવ્યય (અક્ષય), વિભુ, અચિંત્ય, અસંખ્ય, આદિ પુરુષ, બ્રહ્મા, ઈશ્વર, અનંત અનંગકેતુ, યોગીશ્વર, વિદિતયોગ, એક, અનેક, જ્ઞાનસ્વરૂપ અને અમલ કહે છે.

(૧) અવ્યય (અક્ષય-અવિનાશી) :—જે સજ્જન પુરુષ છે તે સમ્યગ્જ્ઞાની સંતો આપને ઓળખનારા છે. તે આપને અવ્યય કહે છે. કેમ કે આપને પૂર્ણ વિકાસ પ્રગટ થયો તે કદિ નાશ થતો નથી. સ્વર્ગના દેવને લોકો અમર કહે છે તે તો તિર્યંચ પશુ અને મનુષ્યના આયુની અપેક્ષાએ કહ્યું છે. દેવો પણ આયુ ક્ષયે મરણ પામે છે, પણ આપને મોક્ષ ગયા પછી પુનઃ અવતાર લેવા આવવું પડતું નથી. જેમ માખણનું ઘી થાય ફરી ઘીનું માખણ ન થાય તેમ પરમાત્માને ફરી અવતાર થાય નહિ. અધુરી દશામાં અધિક પુરુષાર્થ થતાં રાગનો આદર નથી તો પૂર્ણ દશા થયા પછી આપને રાગ આવે એમ બને નહિ. માટે આપ જ અવિનાશી છો.

(૨) વિભુ :—આપનું જ્ઞાન બધાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણવાપણે પ
વળે છે. માટે આપ વિભુ છો. અથવા નિજ અસંખ્ય પ્રદેશમાં અખંડ નિજ ગુણ
તેમાં જ આપનો આત્મા વ્યાપક છે તેથી વિભુ છો. આત્માની આદિ કેમ જ
નથી? જો ન જાણે તો જ્ઞાન અધુરું છે? ના. કેમ કે વસ્તુ જ અનાદિથી સત્ છે.
તેમ જ જાણે છે. અનાદિને આદિ રૂપે જાણે તો ખોટું છે. અનંતને અ
તરીકે જાણે તે જ્ઞાન સાચું છે. આદિ રહિતને આદિ રહિત જાણે છે. આત્મા
પરમાત્મા અનાદિથી છે. વસ્તુ નવી ન થાય. તેની પર્યાયો નવી થાય.
ત્રણ કાળના પદાર્થો જાણી લીધા છે. આપના જ્ઞાનમાં કાંઈ બાકી નથી.
ભગવાનને સર્વજ્ઞતા —કેવળજ્ઞાન હોય તો મારી પહેલી ને છેલ્લી પર્યાય
એમ અજ્ઞાની પૂછે છે. ભાઈ! જે છે તે કયા દિવસે થયું એ પ્રશ્ન
મારા મોઢામાં જીભ નથી—એમ કહેનારની જેવો છે. છે તેની શરૂઆત શું? જે
તેને નાશ કેવો? માટે જે છે તેનું પોતાના સ્વરૂપની સત્તાને છોડ્યા વિના
રૂપાન્તર (અવસ્થાન્તર) થાય છે. અનાદિથી દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે.
વસ્તુ નિત્યાનિત્ય છે. દ્રવ્યપણે નિત્ય છે, પર્યાયપણે અનિત્ય છે.

(૩) અચિન્ત્ય :—વળી આપને મનની કલ્પના દ્વારા, શુભાશુભ વિકલ્પ
જાણી શકાય એવું આપનું સ્વરૂપ નથી. મન-વાણી-દેહ ને રાગના અવલંબન
આ આત્મા જણાય એવો નથી. શુભરાગરૂપ વ્યવહારથી પણ પકડાય એવો નથી.
વસ્તુ પૂર્ણજ્ઞાનઘનસ્વરૂપ છે, તેને સ્વસંવેદન જ્ઞાનથી જાણી શકાય છે. જેને સ્વાનુભ
સ્વપ્રકાશક જ્ઞાન થયું તે આપનું સ્વરૂપ ઓળખે છે. રાગરૂપ ભક્તિ રાગરૂપ ચિં
દ્વારા સ્વભાવનું ચિંતવન હોઈ શકે નહિ. માટે આપ અચિન્ત્ય છો.

(૪) અસંખ્ય:—આપને સંખ્યા નથી, આપે ત્રણ કાળ ત્રણ લોકને જાણ્યા. અન
સંખ્યા હદવાળી આપે જાણી નથી. અનંત પર્યાયને આપ અનંતપણે જાણો છો.
અસંખ્ય છો.

(૫) આદિ પુરુષ:—આ અવસર્પિણી કાળમાં આ ચોવીશીમાં ધર્મ કાળરૂપ
આદિમાં આપનો અવતાર છે. યુગલિયા કાળ પછી આપ થયા ને ધર્મ તી
પ્રવૃત્તિ કરી, માટે ધર્મયુગની આદિમાં આપ આદિ પુરુષ છો.

(૬) બ્રહ્મા:—આપ પૂર્ણાનંદ પામ્યા તેથી બ્રહ્મા છો. જેને રાગ, દ્વેષ, મો
તથા સ્ત્રીથી ચળી જાય તે બ્રહ્મા નથી. માટે આપ બ્રહ્મા છો. પણ કોઈના દ્રવ્ય
પર્યાયના સર્જનહાર કર્તા નથી.

(૭) ઈશ્વર:—આપ સમ્પૂર્ણ વિકાસને પામ્યા છો; હવે કાંઈ કરવાનું બાકી નથી. કૃતકૃત્ય થયા છો માટે ઈશ્વર છો. શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે કે,

"કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક તે ગણે, ઈશ્વર દોષ પ્રભાવ."

ઈશ્વર કોઈનો કર્તા નથી પણ વીતરાગી સર્વજ્ઞ પૂર્ણાનંદ સ્વરૂપ છે. જો તેને કર્તાપણું માનવામાં આવે તો તેને કયારેક વિકાર વાસનારૂપ દોષો છે એમ માનવું પડે; પૂર્ણ શુદ્ધ દશા કહેવાય નહિ. માટે અન્ય મત કલ્પિત ઈશ્વર તે સત્ય નથી પણ આપ જ સાચા ઈશ્વર છો.

(૮) અનંત:—આપ અનાદિકાળથી છો, અનંતકાળ રહેવાના છો, શક્તિરૂપ સામર્થ્યે અનંત અને સંખ્યાથી અનંત એવા નિજ ગુણપર્યાયને આપ ધારણ કરો છો અને અનાદિ-અનંત દરેક દ્રવ્યનું સ્વરૂપ આપે બતાવ્યું છે માટે પણ આપ અનંત છો.

(૯) અનંતકેતુ:—પંચ શરીરના ચિહ્નથી રહિત કરવામાં આપ નિમિત્ત છો માટે અનંતકેતુ છો. આપે કેવળ જ્ઞાન પ્રગટ કર્યું છે ને દિવ્ય ધ્વનિ નીકળે છે તે સાંભળી ઘણાં જીવો સંશયનો નાશ કરે છે. વળી જ્ઞાનાનંદમાં લીનતા વડે કામ ક્રોધાદિ સર્વ પ્રકારની ઇચ્છાનો નાશ કરે છે તેમાં આપ નિમિત્ત છો.

(૧૦) યોગીશ્વર:—પુણ્ય-પાપનું જોડાણ તોડી નિર્મળ જ્ઞાન સ્વભાવમાં જોડાણ કરનાર યોગીશ્વર આપ છો. અથવા મુનિઓના સ્વામિ હોવાથી યોગીશ્વર છો. આપે મન-વચન-કાયાનું કંપન તથા તેનો અભાવ એ બધાને જાણ્યા છે. સ્વભાવમાં યોગ આપે જાણ્યો છે. અને તે અનુસાર જાણીને ભવ્યજીવ પરસન્મુખતાની દૃષ્ટિ છોડી સ્વ સન્મુખ થયા તેમાં આપ નિમિત્ત છો. [ ક્રમશ: ]

---

## ✻ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

અધ્યાત્મવિદ્યાયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં ૮૦માં વર્ષના 'ચિંતામણિ-જન્મમહોત્સવ'ના મંગલ અવસરે તા. ૨૮-૭-૯૩, બુધવારથી તા. ૧૬-૮-૯૩, સોમવાર સુધી ૨૦ દિવસ અધ્યાત્મવિદ્યાના જિજ્ઞાસુ પ્રૌઢ જૈન (પુરુષ) મહાનુભાવો માટે ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક છે.

## વૈરાગ્ય સમાચાર :—

* સુરેન્દ્રનગરનિવાસી સ્વ. શ્રી ગિરધરલાલ નાગરદાસ શાહના ધર્મપત્ની મરઘાબેન તા. ૧૫-૫-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગોંડલનિવાસી શ્રી પ્રીતમલાલ ( કાકુભાઈ ) તારાચંદ પારેખ ( તે શ્રી શાંતાબેન તારાચંદ પારેખના ભાઈ ) ( વર્ષ-૮૩ ) તા ૨૬-૫-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી ( હાલ કાંદિવલી ) સ્વ. શ્રી હીરાચંદભાઈ પ્રાગજી બોટાદરાના ધર્મપત્ની કાંતાબેન ( વર્ષ-૮૫ ) તા. ૮-૬-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી સ્વ. છબીલદાસ સુંદરજીભાઈ વારીઆના ધર્મપત્ની લલિતાબેન ( વર્ષ-૮૫ લગભગ ) તા. ૯-૬-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલાનિવાસી સ્વ. લહેરચંદભાઈના માતુશ્રી પુનમબેન હરજીવનભાઈ દોશી ( વર્ષ-૮૪ ) તા. ૯-૬-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી હસમુખલાલ મગનલાલ દોશી (વર્ષ-૬૫) તા. ૧૪-૬-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગરનિવાસી શ્રી કમળાબેન ગીરધરલાલ દોઢીવાળા ( વર્ષ-૮૨ ) ( તે બ્ર. શ્રી ઇન્દુબેન સુરતવાળાના માસી ) તા. ૧૪-૬-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કાનાતળાવનિવાસી ( હાલ મુંબઈ) શ્રી કાશીબેન અરજણભાઇ શીંગાળા ( વર્ષ-૬૬ લગભગ ) તા. ૧૯-૬-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી અમૃતલાલ જગજીવનદાસના ધર્મપત્ની શારદાબેન (વર્ષ-૬૨) ( તે શ્રી પ્રેમચંદભાઈ ઉજમશી શાહના બેન ) તા. ૩-૭-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલા આત્મ સંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—૦—

સુરતનિવાસી શ્રીમતી સવિતાબેન વ્રજલાલ શાહ-પરિવાર દ્વારા ઉજવાનાર
સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૦માં વર્ષનો

# 卐 રત્નચિન્તામણિ–જન્મમહોત્સવ 卐

વર્તમાન પંચમકાળમાં અધ્યાત્મયુગનું સર્જન કરનાર અધ્યાત્મ-યુગસ્રષ્ટા વીતરાગમાર્ગપ્રકાશક વીર–કુંદ–કેડાયત કરુણાસિંધુ ગુરુકહાનના સદ્ધર્મોપદેશ વડે સ્વાનુભૂતિ પ્રગટ કરનાર પરમ ભક્ત ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન કે જેમનો પણ આપણા ઉપર અપાર ઉપકાર વર્તે છે તેઓ પ્રત્યેની ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે તે ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૦માં વર્ષની 'રત્નચિંતામણિ જન્મજયંતી' ( શ્રાવણ વદ–૨ ) અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં સુરતનિવાસી શ્રીમતી સવિતાબેન વ્રજલાલ શાહ પરિવાર દ્વારા અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે.

આ મંગલ મહોત્સવનું આયોજન તા. ૨૮–૭–૯૩, બુધવાર થી તા. ૪–૮–૯૩, બુધવાર—આઠ દિવસ સુધી 'શ્રી સિદ્ધચક્રમંડલવિધાન પૂજા', અધ્યાત્મ જ્ઞાનોપાસના અને દેવગુરુભક્તિ આદિ વિભિન્ન રોચક કાર્યક્રમ સહિત અત્યંત ભક્તિ–ઉલ્લાસથી કરવામાં આવ્યું છે. આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહની દેવગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં ઉજવાનાર આ મંગલ 'રત્નચિંતામણિ–જન્મમહોત્સવ'માં મંડલવિધાનપૂજા આદિ આયોજન ઉપરાંત પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મામૃતભર્યાં ટેપ-પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા, વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, તા. ૨૮–૭–૯૩ થી તા. ૧૬–૮–૯૩—૨૦ દિવસ ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ આદિ દ્વારા અધ્યાત્મજ્ઞાનાર્જનનો પણ વિશેષ લાભ પ્રાપ્ત થશે. સમાગત મહેમાનો માટે આવાસ ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

સૂચના—શ્રી 'સિદ્ધચક્ર વિધાનપૂજા' શાંતિજાપ, જિનબિમ્બ-બિરાજમાન, ધર્મધ્વજારોહણ, ઈન્દ્ર-સ્થાપના આદિ વિધિપૂર્વક સમ્પન્ન થશે. તેમાં ઈન્દ્રોની બે શ્રેણી—પહેલી રૂા. ૫૦૦૦ની અને બીજી રૂા. ૨૫૦૧/ની—રાખવામાં આવી છે. જન્મદિને પૂજ્ય બહેનશ્રીને વધાવવાની પણ બે શ્રેણી—રૂા.૧૦૦૧ની તથા રૂા. ૫૦૧ની રાખવામાં આવી છે. વધાવવામાં પહેલી શ્રેણીના ઈન્દ્રો રૂા. ૧૦૦૧ની લાઈનમાં પ્રથમ વધાવશે અને બીજી શ્રેણીના ઈન્દ્રો રૂા. ૫૦૧ની લાઈનમાં પ્રથમ વધાવશે. ત્યાર બાદ બીજા પોતાના ક્રમ-અનુસાર વધાવશે.

—o—

## □ સ્વકાળે થતાં પરિણામને જ્ઞાન જાણે □

રાગને જાણવું તે જ્ઞાનનો સ્વકાળ છે, આત્મા રાગમાં વ્યાપતો નથી. જ્ઞાનની જાણવાની પર્યાય અને રાગની પર્યાય પોત-પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે. પરની દયા તો આત્મા પાળી શકતો નથી પણ રાગને પણ આત્મા કરતો નથી અને રાગમાં વ્યાપતો પણ નથી રાગના કાળે થતા રાગપરિણામને સ્વકાળે થતી જ્ઞાનપર્યાય જાણે, પણ કર્તા નથી.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી


સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undeli ered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-

વાર્ષિક લવાજમ : રૂ. ૯/-


J
A ૨૨૩૨ શ્રી મહેન્દ્રકુમાર કાશીભાઈ પટેલ
બી/૧૨, સાંઈકૃપા સોસાયટી–૧,
મહાવીરકૃપા હરણી રોડ,
વડોદરા